Rs.5/-

Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૩ ● જૂન ૨૦૨૪

Volume no. 18, Issue No. 203 June 2024



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧

Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001




ભુજ મંદિરનાં ૨૦૧ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




ભુજ પ્રસાદી મંદિરનાં ૧૪ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી તથા પાર્ષદ જાદવજી ભગત




ડલાસ (અમેરિકા) મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



સંસ્થાપક
પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : magazine@swaminarayan.in

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૩ ● જૂન-૨૦૨૪

## અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪
૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫
૦૩. મંગલાચરણ પ્રાતઃસ્મરણ ૦૬
૦૪. શ્રીહરિના ૭માં અને ૮માં વંશજના મુખેથીઅમૃતવચનો ૦૮
૦૫. રે શ્યામ ! તમે સાચું નાણું ૧૩
૦૬. ડુંગળી - લસણ શા માટે નહીં ? ૧૪
૦૭. નામ - ધર્માદો ૧૯
૦૮. આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ) ૨૧
૦૯. ભક્તિસુધા ૨૪
૧૦. સત્સંગ સમાચાર ૨૬

શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

ભક્તિ ! આપણે ભક્તિ કરીએ છીએ. પણ કોની ભક્તિ કરીએ છીએ ? બહુ જ વિચારવાનું છે.

મહારાજ ભગવદ્ ભક્તિથી વિમુખ, આસુરી વૃત્તિવાળાનો ત્યાગ કરવાનું કહે છે.

ભગવદ્ ભક્તિના રસનો અનુભવ કરવા તો દેવો પણ મનુષ્ય જન્મ ઈચ્છે છે.

માણસમાં બધા સદ્‌ગુણો હોય, પણ ભક્તિ ન હોય તો, ઘી માં જીરૂ, મરચું વગેરે નાખી વધારેલા શાકમાં મીઠું જ ન હોય તેવું લાગે.

બ્રહ્માદિને પણ કાળ થકી ભય છે, અખંડ સુખ નથી. અનંત અખંડ સુખ તો ભગવાનના દાસપણા રૂપ ભક્તિના બળથી જ મળે છે. મહારાજ કહે છે, ‘‘ભક્તિએ રહિત શુષ્ક તપ કેવળ કાયાને / શરીરને કલેશ રૂપ જ છે.’’

પણ, ભક્તિ મહાત્મ્ય જ્ઞાને સહિત કરવાની છે. ભગવાનને યથાર્થ જાણવા તે મહાત્મ્ય જ્ઞાન છે. અમને એક પ્રસંગ યાદ આવે છે.

રસ્તે જતાં અમે એક રૂા. ૨૦૦ ની નોટ પડેલી જોઈ, ભગતને કહ્યું એટલે એમણે હાથમાં લીધી. નોટ નવી નક્કોર હતી. અસલ સાચી નોટ લાગતી હતી, પણ એ ખોટી નોટ હતી. ઝીણવટથી જોતાં ખબર પડી કે એ ખોટી છે.

નાનું બાળક સાચી નોટને પણ ફાડી નાખે એને નોટનું મહાત્મ્ય નથી. નોટ ભલે જૂની હોય, ગડી વળી ગયેલ હોય પણ સાચી નોટની કિંમત છે. નવી રૂપાળી, કડક નોટ પણ જો ખોટી હોય તો એની ભક્તિ ન કરાય. ઘણી વખત આપણે પણ ખોટી નોટને સાચી સમજી એની ભક્તિ કરવા માંડીએ છીએ. કેવી રૂપાળી નકકર છે આપણે તો બધા સરખા. એવું ન ચાલે.

પણ સાચી નોટ ઓળખી મહાત્મ્ય સમજવાનું છે. સાચી નોટની ભક્તિ થાય, પ્રેમ કરાય, સાચવવાની હોય. ખોટી નોટ ગમે તેટલી રૂપાળી હોય, નવી હોય પણ એની ભક્તિ ના કરાય. મહારાજે આપણને સ્વંય બાથમાં લઈ, નરનારાયણ દેવ પધરાવી આપ્યા છે. એમાં હું અખંડ પ્રત્યક્ષ છું એવું વચન આપ્યું છે, એ મહાત્મ્ય સમજી એમની ભક્તિ મહાત્મ્ય સાથે કરવાની છે.

એજ. જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (મે-૨૦૨૪)



૧-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર સુખપર (રોહા) શતાબ્દી પાટોત્સવ પ્રસંગે અને આમારા (કચ્છ) પધરામણી.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર એકાદશીના દર્શનાર્થે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધરા (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧-૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ચિખલોડ ૧૭૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯-૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી (દરબારગઢ) ૧૫૦ માં પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૪ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ભોજેલા (વસઈટીંબા) (જી. દાહોદ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર ૨૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર સરઢવ પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘમીજ રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૯ થી અમેરિકાના ધર્મ પ્રવાસે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (મે-૨૦૨૪)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી ૧૯૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૭ કલ્યાણ પુષ્ટિ માર્ગી હવેલીની ૫૪૭ મી ઉજવણી પ્રસંગે પધરામણી વસ્ત્રાપુર.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ખીચડી ઉત્સવ પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ૧૯ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી (દરબારગઢ) ૧૫૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર ૨૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫ થી અમેરિકાના ધર્મ પ્રવાસે પધરામણી.

# ॥ મંગલાચરણ પ્રાતઃસ્મરણ ॥

- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ)

प्रातः स्मरामि भवभीतिमहार्तिशान्त्यै
नारायणं गरुडवाहनमब्जनाभम् ।
ग्राहाभिभूतवरवारणमुक्तिहेतुं
चक्रायुधं तरुणवारिजपत्रनेत्रम् ॥१॥
प्रातर्नमामि मनसा वचसा च मूर्ध्ना
पादारविन्दयुगलं परमस्य पुंसः ।
नारायणस्य नरकार्णवतारकस्य
पारायणप्रवरविप्रपरायणस्य ॥२॥
प्रातर्भजामि भजतामभयंकरं तं
प्राक्सर्वजन्मकृतपाप भयापहत्यै ।
यो ग्राहवक्रपतितांघ्रिगजेन्द्र
धोरशोकप्रणशनकरो धृतशंचक्रः ॥३॥
श्लोकत्रयमिदं पुण्यं प्रातः प्रातः पठेनरः ।
लोकत्रयपतिस्तस्मै दद्यादात्मपदं हरिः ॥४॥
प्रातः स्मरामि हरिकृष्णमुखारविन्दं बिम्बाधरं
स्मितसुधाहृतविश्वतापम् ।
कारुण्यपूर्णनयनं शुभनासिकाढ्यंपुण्ड्राढ्य-
भालमवतम्सलसत्कोपोलम् ॥५॥
प्रातः श्रये वृषजनेर्भुजदण्डयुग्मं
संसारसिन्धुपतिताश्रयणीयमेकम् ।
आजानुलम्बितवराभयदं मनोज्ञं संस्थापकं
स्वसुतयोश्च निजाकृतीनाम् ॥६॥
प्रातर्नमामि हरिकृष्णपादार्विन्दे
तीर्थीकृतावनितले हृदयावधार्ये ।
वज्राकुंशध्वजयवाम्बरगोष्पदोध्वरेखांकिते
नखविधुक्षत हृद्वातान्धे ॥७॥
प्रातः शिखान्तहरिकृष्णतनुं घनाभां
ध्यायामि सज्जनसभान्तरराजमानाम् ।
सप्रान्तशेखरः शिपटमादधानां
श्रीवत्सकौस्तुभसिताम्बर भूषणाढ्यम् ॥८॥

સવારમાં ઉઠતાંની સાથે જે જીવાત્માં ભગવાનનું સ્મરણ કરે છે તેનો આખો દિવસ આનંદમય વિતે છે. અને ભગવાનની કૃપા દષ્ટિ પડવાથી જીવનું આત્યન્તિક કલ્યાણ થાય છે. તેના કારણે જ ઋષિમુનિઓ અને પુરાણો કહે છે સવારના પ્રાતઃકાળમાં બ્રહ્મમુહૂર્તમાં ભગવાનની મૂર્તિનું સ્મરણ અવશ્ય કરવું. તે પરમાત્માના સ્વરૂપનું કેવા પ્રકારે સ્મરણ કરવું તે પણ પુરાણોમાં ભગવાન વેદ વ્યાસજી નિશ્ચય કરીને આજ્ઞા કરેલ છે કે આ ત્રણ શ્લોકોનું પઠન કરવું. તે શ્લોકોનો નિત્ય પાઠ કરવાની આજ્ઞા ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાં પોતાના સૌ આશ્રિતોને કરી છે. તેમાં ત્રણ શ્લોકોનું નિત્ય પાઠ કરવાની આજ્ઞા કરી છે તે પુરાણોમાં પ્રસિદ્ધ આ ત્રણ શ્લોકોનો ભાવાર્થ શું થાય છે તેનો વિચાર કરીએ.

સવારના પહોરમાં પ્રાતઃકાળમાં સ્મરણ કરું છું. મારા ઈષ્ટદેવ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અને અતિ સુંદર મુખકમળને કે જે એવું સુંદર છે. જે મુખાર્વિંદના બે હોઠ પાકેલાં ગિલોડાના ફળના જાણે બે ફાડિયા હોય તેવા શોભે છે. અને જ્યારે અમૃત જેવું મધુર હાસ્ય કરે છે ત્યારે સમગ્ર વિશ્વના જીવોના ત્રણેય પ્રકારના તાપ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિકનો નાશ કરે છે. સંસારમાં ડુબકા ખાતા દુઃખી જીવોને દેખે છે ત્યારે તેમની આંખોમાંથી કરૂણા નિતરે છે અને જેમના મુખકમળમાં તલના પુષ્પ સમાન શુભ અને સુંદર નાસિકા શોભે છે. પોતાના તેજસ્વી ચમકતા કપોલમાં વિશાળ કપાળમાં ભાલમાં ઉર્ધ્વપુંડ્ર તિલક ચાંદલાએ સહિત અતિ શોભી રહ્યું છે. **(૧)**

જગતના જીવ માત્રને સવારના પહોરમાં પ્રાતઃકાળમાં આશ્રય કરવા યોગ્ય હરિપ્રસાદ વિપ્ર ધર્મદેવના ઘરે પ્રગટ થયેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અપર સ્વરૂપે સ્થાપેલાં ધર્મવંશી આચાર્યને જાનું

પર્યન્ત લાંબા ભુજદંડ હાથ જે સદા આશ્રિત જીવોને વરદાન આપવામાં એ તેમને જન્મ મૃત્યુથી અભય આપવામાં તત્પર છે. તેમની મનની અભિલાષા પણ એજ છે કે સંસાર સાગરમાં પડેલાં અને મહાદુઃખ કષ્ટ ભોગવતા જીવોને એકમાત્ર આશ્રય આપીને તેમનો ઉધ્ધાર થાય તે માટે ભગવાનના ચરણે પહોંચાડવા તેવાનો જ આશ્રય કરવાથી આ જીવને આત્યન્તિક મોક્ષરૂપ મહાફળની પ્રાપ્તિ થાય છે. (૨)

પ્રાતઃકાળમાં સવારમાં ઉઠીને સૌ કોઈ ધાર્મિકવૃત્તિવાળા માનવે જેમના બેય ચરણોમાં વજ્ર અંકુશ ધ્વજ, જવ, અમ્બર, આકાશ, ગોપદ, ગાયનું પગલું ઉર્ધ્વરેખા આદિ દિવ્ય શુભ ચિન્હ હોય અને જેમના જમણા ચરણના અંગુઠાના નખમાં જીવના હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરનાર ચિન્હ હોય જે પરંબ્રહ્મ પરમાત્મ તત્ત્વના સૂચક છે. તેવા સામુદ્રિક શાસ્ત્રમાં કહેલાં લક્ષણો હોવા છતાં જેઓ જગતના જીવોના હિત માટે મહાભિનિષ્ક્રમણ કરીને ભયાનક વનોમાં અને અનેક તીર્થોમાં વિચરણ કરીને જીજ્ઞાસું મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે છે. તેવા પોતાના હૃદયમાં ધારણ કરી રાખવા જેવા તો ભગવાન શ્રીહરિકૃષ્ણના શ્રી સ્વામિનારાયણના ચરણાર્વિન્દ છે. (૩)

સવારના પ્રાતઃ કાળના સમયમાં જેમના હૃદયાર્વિન્દમાં શ્રીવત્સનું ચિન્હ ધારણ કરી રાખ્યું છે. અને કૌસ્તુભમણિએ યુક્ત સુંદર સુવર્ણનો હાર પહેરેલ છે. અને સદા શ્વેત સુંદર હેમ જેવા સ્વચ્છ વસ્ત્રો ધારણ કરેલાં છે. તેના ઉપર સુગન્ધીત રંગબેરંગી પુષ્પોના આભૂષણો ધારણ કરેલાં છે અને મસ્તક ઉપર લલાટથી કપાળથી પ્રારંભ કરીને સુંદર સાફો પાઘ બાંધેલ છે અને સદા સત્પુરુષો સજ્જનો જે સાધુ વેષધારી પરમહંસો છે તેમની સભામાં ઉંચા સિંહાસન ઉપર વિરાજમાન છે. એવા ભગવાન હરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણના શ્યામ સુંદર મેઘ જેવા વર્ણ રંગવાળા દિવ્ય માનવ શરીરનું હૃદયમાં હું સતત ધ્યાન ચિન્તવન કરું છું. (૪)

હે પરમાત્મા ભગવાન શ્રીહરિ દિવ્ય ગરૂડજીના વાહન વાળા અને જેમની નાભિકમળમાંથી જગતપિતા બ્રહ્માજી પ્રગટ થયા છે એવા અને મહાભયાનક મગરમચ્છના મુખમાંથી મોટા ગજરાજને પોતાના હાથમાં સુદર્શન ચક્રધારણ કરીને તેને મુક્તિ અપાવનારા અને શરણે આવેલાં જીવો ઉપર તાજા તાજા સૂર્યના કિરણોના સ્પર્શ થવાથી સવારના પહોરમાં ખીલી ઉઠેલા કોમળ કમળની પાંખડી જેવા નેત્રોથી કરૂણા દૃષ્ટિ કરતાં એવા દયાળુ પ્રભુની હું જન્મ મૃત્યુના ભવસાગરના ભયથી અને સંસારના ભયાનક દુઃખોથી શાન્તિ મેળવવા હું પ્રાતઃ કાળમાં સ્મરણ કરૂં છું. (૫)

વેદો અને સત્શાસ્ત્રોનું પરિશિલન કરનારા સ્વાધ્યાય પઠન પાઠન અને અનુસરણ કરવાવાળા વિપ્રોના આશ્રય સ્થાન જીવોને મહાભયાનક નરકના દુઃખો કષ્ટોથી છોડાવવાવાળા અને સંસારસાગરથી પાર ઉતારવા વાળા પરંપુરૂષ પરમાત્મા ભગવાન શ્રીનારાયણના ચરણોનું હું પ્રાતઃકાળમાં મન કર્મ વચને કરીને તેમના ચરણોમાં મસ્તક નમાવીને નમસ્કાર વંદન કરું છું. (૬)

જે પરમાત્માએ ગંધમાદન પર્વત ઉપર મહાભયાનક મગરમચ્છના વિકરાળ મોઢામાં ફસાયેલાં પગવાળા ગજરાજને ઘોર સંકટથી છોડાવવા માટે પોતાના હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરીને તેની રક્ષા કરનારા પોતાના ભક્તોને અભય આપનારા એવા પ્રભુને હું મારા જન્મ જન્માન્તરના પ્રારબ્ધ સંચિત અને ક્રિયામાણ કર્મોથી પાપોથી છુટવા માટે પ્રાતઃકાળમાં આશ્રય કરીને ભજન કરું છું. (૭)

આ ત્રણ શ્લોકનું જે ભગવાનનો ભક્ત દરરોજ સવારમાં પાઠ કરે છે તેનાં ઉપર ત્રિલોકાધિપતિ ભગવાન શ્રીહરિ તેને પોતાના દિવ્ય અક્ષરધામનું પદ આપે છે. આ શ્લોકની શ્રી વ્યાસજીએ પુરાણોમાં અને શતાનન્દમુનિએ સત્સંગિજીવનમાં નોંધ લખી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રાતઃકાળમાં જે પુરાણ પ્રસિદ્ધ ત્રણ શ્લોકનો પાઠ કરવાની આજ્ઞા કરી છે તેવી રીતે આપણા સંપ્રદાયમાં પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનન્યનિષ્ઠા વાળા ભક્તોને માટે નન્દ પરમહંસોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની એવા જ ભાવ વાળા શ્લોકોની પોતાને દરરોજ સ્મરણ કરવા માટે રચના કરી છે તેના ભાવ શ્રદ્ધાને પણ વ્યક્ત શબ્દોનો અર્થ વિચારીએ. (૮)

# શ્રીહરિના ૭માં અને ૮માં વંશજના મુખેથી અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**જેતલપુર મંદિરના ૧૯૮ માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી તા. ૦૨-૦૪-૨૦૨૪ :** બળદેવજી દાદાના ચરણોમાં અને સાંનિધ્યમાં બેસીને આપણે ભગવાનનું ભજન કરી રહ્યા છીએ એ બહુ મોટી વાત છે. આજે આનંદની વાત એ છે કે આટલા હરિભક્તો એકત્રિત થયા છો અને આટલી મોકળાશ મળી છે. કારણ કે આપણે બધા ક્યાંકને ક્યાંક શ્વાસ લેવા માટે Breathing Space (શ્વાસોચ્છવાસનો અવકાશ) શોધીને જતા હોઈએ, પોળમાંથી નીકળીને Farm House (ફાર્મ હાઉસ-ખેતર જેવી જગ્યામાં રહેઠાણ) થયા, થતા રહેશે, એમ ભગવાનને પણ Breathing Space મોકળાશ જોઈએને ! બળદેવજી દાદા આગળ ખૂબ સરસ કામ થયું છે અને દેવ સરોવરનું કાર્ય પણ આપણા સરપંચશ્રી, અધિકારીઓ અને સરકારશ્રીએ જે કંઈ મદદ કરી છે એના કારણે ખૂબ સરસ થયું છે. અને આ તો ધાર્મિકની સાથે સાથે ઐતિહાસિક ભૂમિ છે. આપણો સંપ્રદાય કોઈ દંતકથા સાથે જોડાયેલો નથી, ઈતિહાસ સાથે જોડાયેલો છે. એ સિદ્ધાંત અને પરંપરા જેટલા સચવાઈને રહેશે એટલા કામના છે. **મને ગર્વ છે કે અમદાવાદ નરનારાયણદેવ દેશનો વિસ્તાર અને વિકાસ એ સિદ્ધાંત અને પરંપરા જાળવીને થઈ રહ્યો છે એ બહુ મોટી વાત છે. આજે આ શબ્દો છે પણ ૧૦-૧૨ કે ૨૫ પેઢી પછી એના મહિમાની ખબર પડશે એવું હું માનુ છું.**

બીજી વસ્તુ એ કે ભગવાનનો મહિમા સંતોએ ખૂબ ગાયો. આપણા ઋષિમુનિઓએ પણ નેતિ....નેતિ... કહીને મૂકી દીધું તો આપણી પાસે તો એનું વર્ણન કરવાના શબ્દો ક્યાંથી હોય !

આ અવસર કરુણાનિધિ, કરુંણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨), સુગમ કરી સિધ્ધિ...જય.

**મુક્તાનંદ સ્વામી જેવા મુક્તાનંદ સ્વામીએ કહી દીધુ કે, મહારાજે આપણા ઉપર કેટલી કરુણા કરી છે તો હવે આપણી પાસે એનાથી વધારે શબ્દો મળી શકે તેમ નથી.**

નિર્ગુણદાસજી સ્વામી સાથે હમણા અંદર બેઠા હતા ત્યારે વાત કરી કે આપણા નવ મહામંદિરો પૈકી **આપણા આ જેતલપુર મંદિરને બે વર્ષ પછી ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે અને હવે અમદાવાદ અને જેતલપુર જુદું રહ્યું નથી. ત્યારે સંતો હરિભક્તો સૌ સાથે મળીને ઐતિહાસિક અને સાંપ્રદાયિક ધોરણે એવું સરસ આયોજન કરીને ઉત્સવ કરીએ કે બળદેવજી દાદા આપણા ઉપર ખૂબ રાજી થાય.** પી.પી. સ્વામીને વાત કરી છે કે ૧૯૮ વર્ષ થયા છે અને હવે ટૂંક સમયમાં મોટા પાયે ઉત્સવ કરવાનો છે.

ગામડી ગામમાં મે મહિનાથી પહેલી તારીખે પાટોત્સવ આવશે. ખબર નહી પણ કેમ ઉનાળામાં જ વધારે પ્રતિષ્ઠાઓ આવે છે. એ વખતે જે હશે તે સારુ છે. કારણ **આપણે તો ભગવાનનું ભજન જ કરવાનું છે. એટલે બહાર ગમે તેટલો તાપ હોય પણ હૈયામાં ટાઢક હોય છે.** લાડવા ખાઈને સૂઈ જવાનું જ હોય છે. બાકરોલ ને આ ગામડી વગેરે આજુ બાજુના ગામડા બહુ સરસ છે.

**વ્યક્તિગત આપણો કોઈનો મહિમા નથી. આ હું બેઠો છું એ કોઈ બેઠું નથી. સંતો બેઠા એ કોઈ બેઠા નથી.** બાલાસિનોરમાં મહાનુભાવાનંદ સ્વામીએ બંધાવેલું ખૂબ સરસ સિંહાસન વાળુ જુનું મદિર છે. ત્યાં મેં કહ્યું હતું કે, ઘણા એવું કહેતા હોય છે કે દેવ અને આચાર્યના વચનમાં રહેવું તો મને સમજણ નથી પડતી કે ૨૧૨ માં કોઈ આચાર્યએ બસો સાડાબાર શ્લોક કર્યા નથી કે સાડા અગિયાર કર્યા નથી, તો આ ધતિંગ ક્યાંથી શરૂ થયું એજ મને તો ખબર પડતી નથી. આ બહુ સાચી અને વિચાર કરવા જેવી વાત છે. આચાર્ય કોઈ જુદું અસ્તિત્વ નથી. **દેવ થકી આચાર્ય છે. આચાર્યનું પદ ભગવાને બનાવેલું છે સંતોનું અને હરિભક્તોનું પદ પણ ભગવાને બનાવેલું છે. બધાની પોતપોતાની ગરિમા છે.** મેં કહેલું કે તમારું આ મંદિર જુનું છે. આજે આચાર્ય પદ પર હું બેઠો છું. ૪૦ વર્ષ પહેલા કોક બીજા બેઠા હશે અને એ પહેલા કોઈ બીજા બેઠા હશે. પરંપરામાં કેટલા જુદા જુદા બદલાણા, સંતો બદલાઈ જાય, હરિભક્તો બદલાઈ જાય પણ આ સિંહાસનમાં બેઠેલા ભગવાન બદલાણા ? સમજવાનું એ છે એટલે સરવાળે આ ભગવાનને વળગીને રહેવાનું છે. કોઈ એમ માની લે કે આ પદ અમારું જ છે. તો એ ગયા હમજો. એ તો હું લખીને આપું. નોટરી લઈને આવજો.

હસ્ત લિખિત પ્રતમાં લખીને આપીશ કેમ કે કોઈના બાપનું આ પદ નથી, દેવનું છે.

**જેટલા સારા સાજા હોઈએ એ દેવના લીધે છીએ એ સિદ્ધાંત ઉપર હું જીવું છું અને જીવીશ. આપણે બધાએ એ સિધ્ધાંત ઉપર જ જીવવાનું છે. દેવના થઈને રહેવાથી જ રૂડા થવાય છે. મુક્તાનંદ સ્વામીએ પણ એ જ ગાયુ છે કે હરિભજતા સહુ મોટપ પામે... ભગવાનને ભજવાથી જ મોટપ પમાય છે.** આપણા જેવા ઘણા ભેગા થાય તો તેથી ભગવાન કંઈ જાડા ન થઈ જાય. ભગવાન તો ભગવાન જ રહે છે. દુનિયાનો ક્રમ છે, જગતના માણસોમાં ઘણીવાર એવું થઈ જાય, **મહારાજના શબ્દો છે કે પોતાને કોઈ પાંચ માને, દશ માને અને એમ માનતા માનતા પછી એ પોતે એવું માનવા લાગે કે હું જ ભગવાન છું. આવું થાય છે. આપણે એટલું રાખવું કે આ બળદેવજી દાદા, આ નરનારાયણદેવ જે આપણને મળ્યા છે એને મૂકીને જવું નહી. આપણે કોઈનું થવું નથી. ભગવાનના થઈને રહીશું તો સુખિયા થઈશું.**

એવા હજારો દાખલા મેં જોયેલા છે. આ સાનહોજે વાળા અહીં બેઠા છે. બોલતા જ નથી કોઈ દિવસ શું ચાલે છે? શું નથી ચાલતું ? મંદિર થયું ત્યારથી સાચવીને બેઠા છે. ભગવાનના જ થઈને રહ્યા છે. આ બહુ મોટો અને સાચો ત્યાગ છે. ત્યાગની વ્યાખ્યા જ એટલી છે. ભગવાનને અર્થે જેટલું થાય છે એ જ સાચું થાય છે. એ ખુમારી અને બળ બળદેવજી દાદાએ આપી છે. આ પ્રાંગણમાંથી આ રજકણોમાંથી એ બળ આવે છે.

મહારાજ અહીં ૧૦૦ વખત કે ૧૫૦ વખત પધાર્યા, આપણે ક્યાં ગણવા બેઠા હતા. **પણ આ ભૂમિનો એક એક કણ રમણ-રેતી છે. આ વાસ્તવિકતા છે.** ઘણા રમણ રેતીમાં આળોટવા જાય છે. જેના જે અધિષ્ઠાતા દેવ હોય એ એના માટે સર્વોપરી છે. પણ આપણા માટે આ જ રમણ રેતી છે અને એમાં જ આળોટવાનું છે. સંતો કહે, આ દેવ બહુ પ્રતાપી છે. પણ **ભગવાન તો પ્રતાપી હોય જ ને ! ભગવાન પ્રતાપી હોય એ બહુ મોટી વાત નથી પણ આપણે એ ભગવાનના આશ્રયમાં રહીને પ્રતાપી થવાનું છે. આપણે માણસ થઈને પ્રતાપ દેખાડવાનો છે. ભગવાન તો સંકલ્પ કરે એટલી વારમાં ગમે તે કરી શકે એટલા માટે આપણે ભગવાનને ભગવાન કહીએ છીએ. ભગવાન તો થાંભલામાંથી પણ નૃસિંહ સ્વરૂપે પ્રગટ થાય એટલે ભગાવન કહેવાય. હવે આપણે જે દિવસે માણસ થઈએ એ દિવસે ચમત્કાર સાચો અને આ કંઠી વગેરે જે પહેર્યું છે એ પહેરેલું સાચું.** મહારાજે કૂવા, વાવ, તળાવ, અન્નક્ષેત્ર એ માનવતાના ધોરણે દરેકને સુખી કરવા માટે જ કર્યા હતા.

**કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,**
**દયા આણી રે, અતિ આકળા થાય...**
**અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,**
**કરુણા દ્રષ્ટિ રે, દેખી વાન જ વાળે....**

આપણે આકળા ન થઈએ પરંતુ **કોઈનું દુઃખ જોઈને તેનું દુઃખ દૂર કરવા કેટલો પ્રયત્ન કરીએ છીએ? આપણામાં મહારાજના કેટલા ટકા ગુણ આવે છે એ વિચાર કરવાનો છે.** કોઈની સમસ્યા ટાળવા પ્રયત્ન ન કરીએ તો કંઈ નહી, ઉભી ના કરીએ એ મોટી વાત છે. **ભગવાન તો મોટા હોય જ છે. પરંતુ એ ભગવાનના થઈને ભગવાનની કૃપાથી આપણે મોટા થવાનું છે.**

તમે સૌ ઉદ્યમ પરિશ્રમ કરો છો. આ બાજુ કે.પી. સ્વામી ઉભા છે. પાછળ બહેનો ભાઈઓ તપસ્યા કરે છે. ખપ વિના એમન આવતા હશે કોઈ અહીં ? શું ભાળીને ઉભા હશે? હરિભક્તોનો મહિમા છે. દંડવત કરવા જોઈએ. તમે કોઈ નવરા છો ? દુકાન-મકાન બંધ કરીને કોઈને કંઈક સાચવવાની ભલામણ કરીને આવ્યા છો. આ મોબાઈલ કેટલીય વાર રણક્યો હશે તો એનેય એક બાજુ મૂક્યો હશે ! શું ભાળ્યું છે ? ભગવાન ભાળ્યા છે એટલે આવ્યા છો. ધન્ય છે આ હરિભક્તોને !

**ગર્વ છે કે નરનારાયણદેવ દેશ ગાદી જે હંમેશ દેવની થઈને રહી છે, નિષ્કલંક છે અને રહેશે. કારણ સંતો દેવના છે, હરિભક્તો દેવના છે, એટલે અમારી છપ્પનની છાતી નાની પડે છે. ગર્વ તો થાય ને !** આવુ ક્યાં મળે છે ? ઘણા બસમાં ભાડુતી ભીડ ઉભી કરતા હોય છે. ગઈકાલે જ હું નીકળતો હતો અને ભૂલથી જોયું તો આમ બે-બે ફૂટના અંતરે બેસાડ્યા હતા. હવે આવો દેખાડો કરીને શું કામ છે ? અહીં તમને એવી રીતે બેસાડ્યા હોય તો કેવું લાગે ? સત્સંગના ભીડામાં તો રહેવાનું મહારાજે કહ્યું છે. સવારે તો અભિષેક કરવાનો હતો એટલે બચી બચીને નીકળ્યો. બાકી તો ખેસિયા ખેંચાઈ જાય અને મારા પગ પણ

રગદોળાય જાય છે. તમારે મુક્તરાજ સ્વામી થાય છે એવું ? સંતો સાથે કાયમ હસતા હોઈએ છીએ.

**આનંદ છે એ લાવી નથી શકાતો. આનંદ હૈયામાંથી, નાભિમાંથી આવે છે. રોવાનું લાવી શકાય છે, એ ઉપરથી આવે છે.** ઘણા ભગવાનની વાત કરતા હોય અને આમ આમ કરીને (રડવાનો દુઃખનો ભાવ લાવીને) રોવા લાગે. આપણને એમ થાય કે આ ભગવાનની વાત કરે છે કે મોકાણે જઈને આવ્યા છે ? ટેન્શન થઈ જાય આપણને. રોતા રોતા બોલે કે ભગવાન પછી ધામમાં ગયા. ભગવાનનું ધામ હતું, તારું નહોતું ! તું શું કરવા દુઃખી થાય છે ? કોકનું દુઃખ લઈને કોક રડવા લાગે. આપણે આપણી રૂમે જઈએ એવું છે આ તો. માયા સંકેલીને રૂમે ગયા અને બંસરી જોઈને બેઠા. એવા વક્તાને પાછા ઘરાગ પણ એવા મળી રહે છે ! તમને એમ લાગે કે કેટલા Emotional (લાગણી પ્રધાન) છે પણ પછી એ હસતા હોય અને આપણે રોતા હોઈએ (શ્રોતાઓ રડવા લાગે) આ તો કોઈનું વ્યક્તિગત નથી કહેતો. બધા પોતપોતાની રીતે ચલાવતા હોય. પણ વસ્તુ એટલી છે કે ભગવાન જેવા ભગવાન મળ્યા હોય તો આનંદમાં રહેવું જોઈએ એવું હું માનું છું.

આ કે.પી. સ્વામી, પી.પી. સ્વામી, આત્મપ્રકાશ સ્વામીએ નવી ભોજનશાળા બનાવી છે, તેમાં ૧૭ પ્રકારના પકવાન ઢગલા બંધ બનાવડાવ્યા હશે. ચિંતા જ નથી. બે ટંક ખાવામાં કોઈ પ્રોબ્લેમ જ નથી. ભગવાનના જન્મ દિવસે ઉપવાસ હોય, ફરાળી લોટ શોધવા જવું પડે પણ એક નરનારાયણદેવનો પ્રાગટ્ય દિવસ જ એવો છે કે લાડવા ખાવા મળે છે. વસંત પંચમી હોય, કંઈક બીજું હોય, આજે અહીં આવ્યા, આ બધો આનંદ અને આનંદ જ છે. આનાથી વધારે શું હોય ? જેટલું થાય એટલું ભજન કરવું. આપણા જેવા ભાગ્યશાળી કોઈ નથી. ભગવાનનું સાંનિધ્ય છે. ભગવાનનું ઘર છે, આપણું ઘર છે અને ભગવાનના આશ્રયમાં આપણે બેઠા છીએ. ભગવાન ખૂબ રૂડા આશીર્વાદ પાઠવે, ખાસ કરીને યજમાન પરિવાર અને સૌનું મંગળ કરે એવી નરનારાયણદેવ અને બળદેવજી દાદાના ચરણોમાં પ્રાર્થના.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડીના ૧૯૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૦૧-૦૫-૨૦૨૪ :** આપણે ગામડી મંદિરના ૧૯૫ વર્ષ જ્યારે આજે પૂર્ણ થાય છે ત્યારે ગર્વનો અનુભવ થાય છે કે આટલા બધા વર્ષો સુધી અહીંયાના હરિભક્તોએ મંદિર અને સત્સંગ સાચવી રાખ્યો છે. અહીંના હરિભક્તો ગામમાં રહેતા હોય, શહેરમાં હોય કે વિદેશમાં હોય પણ આપણા ગામની સાથે અને ગામના સત્સંગ સાથે કાયમ જોડાઈને રહ્યા છે અને **એ જરૂરી છે કે મૂળિયા ન ભૂલીએ. આપણા જીવની અને સત્સંગની શરૂઆત ક્યાંથી થઈ એ યાદ રાખીએ** અને એ જ સમજણ અને શીખ દીકરા દીકરીઓમાં આવે એવો પ્રયત્ન કરતા રહીએ.

**અહીંનો સત્સંગ નરનારાયણદેવની નિષ્ઠાનો સત્સંગ છે.** આનંદાનંદ સ્વામીએ આ મંદિર આટલું સુંદર બંધાવી આપ્યું તેને આવતા કેટલાય વર્ષો સુધી સાચવવાની જવાબદારી અને દીકરા દીકરીઓમાં સત્સંગ સચવાય એ જવાબદારી અહીંના હરિભક્તોની છે. દરેક પરિવાર કોઈને કોઈ માધ્યમથી કંઈક રીતે, કોઈક રીતે સત્સંગ અને ભગવાનથી નજીક જોડાય એવો પ્રયત્ન કરવાનો છે અને એના માટે જ ઉત્સવ સમૈયા કરીએ છીએ. **સ્વામિનારાયણ ભગવાને ગામડે ગામડે, શહેરે શહેરે ઉત્સવ સમૈયા કર્યા, લોકોને જમાડ્યા અને દરેક જગ્યાએ, દરેક જીવો ભગવાનથી નજીક જોડાય એના માટે જ ઉત્સવ સમૈયાના માધ્યમની આ પરંપરા વારસાગત સ્વામિનારાયણ ભગવાને આપણને આપી છે.**

છેલ્લા કેટલાય વર્ષોથી આપણે જોઈ રહ્યા છીએ કે અહીંના હરિભક્તો, અમદાવાદ દેશના હરિભક્તો ઉત્સવ સમૈયાનો લાભ લઈ રહ્યા છે. ''પર્વ'' ઉત્સવથી શરૂ કરી હવે જ્યારે જેતલપુરના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના છે ત્યારે એના ઉપલક્ષમાં જે અનેક કાર્યો થવાના છે તે પૈકી **એક કાર્ય એ કરવાનું છે કે સત્સંગને ખાલી મંદિર સુધી સિમિત ન રાખતા, ઘરે ઘરે પરિવાર સાથે બેઠા હોઈએ. આજુ બાજુની સોસાયટી, મિત્ર વર્તુળ, પરિવારના સ્નેહીજનો ભેગા થયા હોય ત્યારે દરેકને સાથે રાખીને સત્સંગ કરવાનો છે. ઘરે ઘરે દર રવિવારે સવારે સાંજે ગમે ત્યારે એક કલાક સુધી, ખાલી ગામડીના નહીં પરંતુ જેતલપુર વિસ્તારના દરેક ગામોમાં ધૂન કીર્તન સત્સંગ થાય એવું આયોજન કરવાનું છે. એ બહાને ભગવાનના નામનું સ્મરણ થાય. કારણ કે આવો ઉત્સવ વારેઘડીએ આવતો નથી.**

આપણે ભાગ્યશાળી છીએ કે ભગવાને બંધાવેલા નવે નવ ધામના ૨૦૦ વર્ષનો ઉત્સવ જોવાનો લાભ આપણને મળવાનો છે. અમદાવાદ, મૂળી અને ભુજ એ ત્રણ મંદિરોના ઉત્સવોનું આપણે દર્શન કર્યું છે. **મહારાજે નવ મંદિરો બંધાવ્યા અને તેમાં સ્વહસ્તે દેવો પધરાવ્યા એમાંથી પાંચ મહામંદિરો આપણા અમદાવાદ દેશ ઉત્તર વિભાગમાં આપણા ભાગમાં આવ્યા છે.**

જેતલપુરના ઉત્સવ પછી પાંચ વર્ષે આપણા ગામડી ગામના પણ ૨૦૦ વર્ષ પુરા થશે એની પણ તૈયારી રાખજો. દેશ વિદેશમાં રહેતા અહીંના યુવાનોને જેતલપુરના ૨૦૦ વર્ષના ઉત્સવની તૈયારી કરવાનો સમય નજીક આવી રહ્યો છે. ત્યારે મહારાજશ્રી દ્વારા જે સૂચના મળે અને એ થકી મંદિરથી જે આયોજન થાય તેમાં તન, મન, ધનથી નાનું મોટું યોગદાન આપી ભાવપૂર્વક લાભ લેવા વિનંતી.

તમારો પેઢીઓનો સત્સંગ છે. એટલે વધારે કંઈ કહેવાનું રહેતું નથી. મહારાજ અનેક વખત આ ગામમાં પધાર્યા હોય, મહારાજના પ્રસાદીના આ ગામમાં આવવાથી ખૂબ શાંતિ ને આનંદની અનુભૂતિ થાય એવું આ ગામ છે. અહીંના હરિભક્તોમાં પોતાપણાની એક લાગણી કાયમ માટે રહી છે. મહારાજ સર્વેનું ખૂબ રૂડું કરે, મંગળ કરે અને ભજન ભક્તિ કરવાનું બળ મળે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**હર્ષદ કોલોની મંદિરના છઠ્ઠા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૦૫-૦૫-૨૦૨૪ :** અમદાવાદ પૂર્વ વિસ્તારનો સત્સંગ છેલ્લા ઘણા વર્ષોથી વધતો ને વધતો રહ્યો છે એનું કારણ હોય તો આપ સૌ હરિભક્તોની નિષ્ઠા, શ્રધ્ધા અને નરનારાયણદેવ પ્રત્યેનું સમર્પણ છે. ખૂબ આનંદ થાય કે આપણા હર્ષદ કોલોની વિસ્તારનો સત્સંગ ઘણા બધા વર્ષોથી ખૂબ નાના એવા સત્સંગથી શરૂઆત થઈને આજે નૂતન મંદિરને છ-છ વર્ષો પુરા થાય છે ત્યારે આજે ગર્વનો અનુભવ થાય છે કે આપણે બધાએ નરનારાયણદેવની નિષ્ઠા રાખી, પક્ષ રાખી અને પૂર્ણ સમર્પણ ભાવ રાખીને આપણે સત્સંગ કરી રહ્યા છીએ.

આપણી ફરજ બને છે કે આપણી ભાવિ પેઢીને આપણા મંદિરની જવાબદારી સોંપી એમને સત્સંગ કરવાની, એમના વિચારોને આગળ લાવવાની એક તક આપીએ. એટલા માટે જ આજે પાંચ યુવાનોને મંદિરની કમિટીમાં લીધા છે. ખાલી વાત નથી કરવાની પણ આગળ લઈ જવા એની કેળવણી થાય એ વાત પર આપે બધા વર્તીએ. **વાતો કરવાવાળા દુનિયામાં બહુ મળે છે પણ જે વિચારો હોય, જે પોતાના સિદ્ધાંતો હોય એના ઉપર વર્તન કરવું એ બહુ જરૂરી છે.** છેલ્લા ઘણા વર્ષોથી આપણે જોઈ રહ્યા છીએ કે અમદાવાદ, ગુજરાતના નાના મોટા ગામડાઓ, શહેરો, સમસ્ત દેશ વિદેશ એમ બધી જગ્યાએ સત્સંગ વધી રહ્યો છે એની પાછળનું કારણ સમય સૂચકતા, કઈ રીતે ક્યારે અને કેવું ડિસીજન (નિર્ણય)લેવું, યુવાનોને આગળ લાવવા અને એમના વિચારોને પ્રેરણા આપવી એ બહુ જરૂરી છે. **નરનારાયણદેવ દેશ ગાદીમાં એક એક્તાનો અનુભવ કાયમ રહ્યો છે.** હરિભક્તો, સંતો અને અમારો સમસ્ત પરિવાર એ બધાએ સાથે રહીને મંદિરના વિકાસ કાર્યો કર્યા છે અને કરીશું. **કઈ રીતે ભગવાન રાજી થાય અને કઈ રીતે નરનારાયણદેવ દેશનો સત્સંગ આગળ વધે એ એક જ લક્ષ અને ધ્યેય સાથે કાર્યો થાય છે.** આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણા ભાગમાં આવો સત્સંગ મળ્યો છે.

**નિયમ ધર્મ બધા રાખે છે, ભજન ભક્તિ કરે છે, દેવનો ધર્માદો કાઢે છે પણ જ્યાં સિધ્ધાંતની વાત આવે ત્યારે કોઈ પ્રકારની બાદબાકી ન રાખીએ, કોઈ ચૂક ન થાય એનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. હાલમાં સમય એવો છે કે ઘણા બધા લોકો મૂળ સંપ્રદાયના નામે, ભગવાન સ્વામિનારાયણના નામે આપણને બધાને ગેરમાર્ગે લઈ જવાના પ્રયત્નો કરે છે. એ હકીકત છે. આ વાત દબાઈને રાખવા જેવી નથી. ખુલ્લામાં કરવા જેવી આ વાત છે. પણ જ્યાં સુધી આપણા સિધ્ધાંત મજબૂત નહીં હોય, પાયા મજબૂત નહીં હોય ત્યાં સુધી ગમે તે પ્રવાહ આવશે, આપણે બધા એ બાજુ વળી જવાના છીએ.**

નિયમ, નિશ્ચય, પક્ષની ભગવાને આપણને જે જે શીખ આપી છે એ શિક્ષાપત્રી હોય, દેશ વિભાગનો લેખ હોય, વચનામૃત હોય કે સત્સંગિજીવન આદિક શાસ્ત્રોમાં **ભગવાને આપણને જે જે આજ્ઞાઓ કરી છે એને વાંચીએ, સમજીએ અને એ પ્રમાણે વર્તીએ એ બહુ જરૂરી છે. દુનિયામાં કથાકારો બહુ જ છે. કથાઓ કરીને ખોટી શીખામણ આપીને, ખોટા રસ્તે ચડાવીને, એમની તરફ વાળીને ગેર માર્ગે લઈ જનારા ઘણા છે.**

**સાચો માર્ગ એ છે કે જેઓ ભગવાનના શરણે લઈ જાય. આ કોઈ વ્યક્તિ પૂજાનો કે વ્યક્તિ પ્રાધાન્યનો સંપ્રદાય નથી. આ સંપ્રદાય કાયમ દેવ, ભગવાને સ્થાપેલ સ્વરૂપો - દેવ પૂજાનો જ સંપ્રદાય રહ્યો છે અને રહેશે.** ઘણા બધા લોકોને પ્રશ્ન હોય છે કે કઈ રીતે નક્કી કરવું કે સાચું શું અને ખોટું શું ? વડીલો બેઠા છે એમને તકલીફ નથી પણ યુવાનોને ખાસ પ્રશ્ન છે તો **જ્યાં એવું દેખાય કે ભગવાન કરતા વ્યક્તિનું પ્રાધાન્ય વધારે છે તો ત્યાંથી ઉભા થઈને જતું રહેવું. ભગવાનનું જ પ્રાધાન્ય હોવું જોઈએ. કથા વાર્તા કે ધૂન ભજન એ બધું ભગવાનને રાજી કરવા માટે હોય છે, નહી કે પોતાની વાહવાહી કરવા માટે. કથા કે સત્સંગ કરવા પાછળનું કારણ એ છે કે દરેક વ્યક્તિને ભગવાનની નજીક જોડીએ. આટલી સભાઓ કરી, આ કર્યું, તે કર્યું એમ કહી પોતાની વાહ વાહી કરાવવી એના માટે આ સંપ્રદાય નથી.**

**સારામાં સારી, મોટામાં મોટી Achievement (પ્રાપ્તિ) હોય તો એ છે કે લોકોને ભગવાન અને ભગવાનના મંદિરથી નજીક જોડવા.** આ જવાબદારી ફક્ત અમારી કે સંતોની નથી, આપણા બધાની છે. **આપણી એ પણ જવાબદારી થાય છે કે મૂળ સંપ્રદાયના સિદ્ધાંતો કાયમી જળવાઈ રહે અને એ માટે સિધ્ધાંતો સાથે જ ભગવાનની સમજણ આપીએ અને એ માટે દેશ વિભાગનો લેખ વાંચવો ખૂબ જરૂરી છે. બધી જગ્યાએ આ વસ્તુ હું કહું છું કે જેમ શિક્ષાપત્રી વાંચવી બધા માટે જરૂરી છે તેમ દેશ વિભાગનો લેખ વાંચવો પણ એટલો જ જરૂરી છે.** અડધા કલાકની અંદર કદાચ આખો લેખ વંચાઈ જાય એવો છે.

સ્વામિનારાયણ ભગવાને જ્યારે બે દેશ ગાદી કરી ત્યારે એનું જે બંધારણ છે તે આ લેખમાં લખ્યું છે. કોઈ પણ દેશ હોય તેનું એક ચોક્કસ બંધારણ અને નિયમો હોય છે. આપણે ભારતમાં રહીએ છીએ તો ભારતના બંધારણના નિયમો આપણને લાગુ પડે, ટ્રાફિકમાં લાલ લાઈટ થાય ને તમે નીકળી જાવ તો Fine (દંડ) લાગે એ નિયમ છે. એ નિયમ કોઈના માટે બદલાતા નથી. બધાને એક સરખા લાગું પડે છે. પોલીસની ગાડી પસાર થઈ જાય તો એને પણ એ નિયમ લાગુ પડે, એવી રીતે દેશના વિકાસના કાર્યો માટે સરકારે નક્કી કરેલો ટેક્ષ દરેકે ભરવો પડે. દેશનું બંધારણ, તેના નિયમો સ્કુલમાંથી જ નાની ઉંમરથી જ બાળકોને શીખવાડવામાં આવે છે, ખરુને ? જ્યાં ત્યાં થૂંકવું નહીં, ચોખ્ખાઈ રાખવી, અહીં ન જવું, ત્યાં ન જવું, ટ્રાફિકના નિયમો, Government (રાજ્ય શાસન)ના નિયમો આપણે બધાએ પાળવા પડે છે એમ **સ્વામિનારાયણ ભગવાને બે ગાદી કરી, ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગ તેના સંતો, હરિભક્તો અને આચાર્યોએ કઈ રીતે વર્તવું એનું બંધારણ જ્યારે કરી આપ્યું છે તો આપણી ફરજ બને છે કે તેને જાણીએ, સમજીએ અને આચરણમાં લાવીએ.**

અહીં યુવાનો મોટી સંખ્યામાં આવ્યા છો, ભાઈઓ-બહેનો, દીકરા દીકરીઓ, પૂર્વ વિસ્તારના જેટલા પણ હરિભક્તો હોય, હર્ષદ કોલોની, એપ્રોચ, નિકોલ, નવા નિકોલ આ બધા વિસ્તારના હરિભક્તો હોય તેઓએ **દેશ વિભાગનો લેખ માત્ર વાંચવો નહી પરંતુ સમજવો બહુ જરૂરી છે. અત્યારે Summer (ગ્રીષ્મઋતુ) વેકેશનનો સમય ચાલે છે ત્યારે નાની નાની બાળ સભાઓ, યુવા સભાઓ થતી હોય તેમાં સંતો અને વડીલ હરિભક્તો કે જેઓએ આ લેખ સમજીને વાંચ્યો હોય તેઓ સભામાં સમજાવે એ ખૂબ જરૂરી છે.** મહારાજશ્રીના ૫૦ માં જન્મોત્સવ પ્રસંગે આચાર્ય વંદના મહોત્સવમાં આપણે આ લેખની એક પુસ્તિકા બહાર પાડી હતી, એનો કોઈ ચાર્જ નહોતો રાખ્યો. બધાને ફ્રીમાં આપી હતી. કારણ બંધારણ જાણવાનો બધાને એક સરખો અધિકાર છે, એના પર ચાર્જ હોય ? અને **આ તો સ્વામિનારાયણ ભગવાને બાંધેલું બંધારણ છે. માટે દરેકે જાણવું ખૂબ જરૂરી છે. દરેક હરિભક્તો, ખાસ કરીને યુવાનો આ સિદ્ધાંતોથી એજ્યુકેટ (શિક્ષિત) થાય, સમજે, શીખે અને જીવનમાં ઉતારે, જેથી કરીને કોઈ ગેરમાર્ગે ન લઈ જાય, નરનારાયણદેવની નિષ્ઠા રાખે, પક્ષ રહે અને સત્સંગ નો પાયો મજબૂત થાય એના માટે જ આ પ્રયત્ન છે.**

છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે યજમાન પરિવાર સહિત ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોએ આવો સુંદર લાભ લીધો છે ત્યારે મહારાજને પ્રાર્થના કરીએ કે દિવસે ને દિવસે સત્સંગ વધતો રહે, ભગવાનની નિષ્ઠા દ્રઢ થતી રહે એ જ આજના પવિત્ર દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# રે શ્યામ ! તમે સાચું નાણું

- નટુભાઈ બી. પટેલ (રાજપુરવાળા-કેનેડા)

સંપ્રદાયના ઈતિહાસના પાના ઊથલાવતા, શ્રી હરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર ગ્રંથના આ પ્રસંગ ઉપર નજર અટકી જાય છે. સ.ગુ. માધવ સ્વામીએ નજરે નિહાળી આ પ્રસંગ લખ્યો છે.

વિ. સંવત ૧૮૭૯ ના જેઠ સુદ અગિયારસનો દિવસ હતો. એ દિવસ ભીમ એકાદશી તરીકે ગણાય છે. શ્રીજી મહારાજ સંતો સાથે દંઢાવ્ય દેશ ના ઉંઝા, સિધ્ધપુર, વિસનગર વિચરણ કરી વિજાપુર થઈ જેતલપુર પધાર્યા હતા. દેવ સરોવરના કિનારે મહોલ પાસે ઉતર્યા હતા. અનેક સંતો અગાઉથી ત્યાં આવી ગયા હતા. દેવ સરોવર પાસેના વડલા નીચે સંતોએ ઉતારો કર્યો હતો . શ્રીજી મહારાજ દેવ સરોવરમાં સ્નાન કરવા ગયા તે દરમિયાન સ.ગુ. મુક્તાનંદ સ્વામી સરોવરના કિનારે થકા, શ્રીજી મહારાજની મોટપના મહિમાના પાંચેક કીર્તનો રચી, શ્રીજી મહારાજ ની આવવાની પ્રતિક્ષા કરતા હતા.

થોડીવારમાં સભા ભરાઈ. શ્રીજી મહારાજ સ્નાન કરી નિત્ય વિધિ પતાવી સભામાં પધાર્યા . સભામાં થોડીવાર પહેલા સ.ગુ. મુક્તાનંદ સ્વામી રચેલ કીર્તનો સ્વામી પોતે ગાતા હતા.

**રે, શ્યામ તમે સાચું નાણું....** તેટલામાંજ શ્રીજી મહારાજે કીર્તનો ગવાતા બંધ કરાવ્યા. સભામાં મોટેરા સંતો, પાર્ષદો અને બળીયા હરિભકતોની મોટી ભીડ હતી. અમદાવાદથી શ્રી દામોદરભાઈ, શ્રી નથ્થુ ભટ્ટ આદિક આગેવાન હરિભકતો પણ હતા. વળી આ સભામાં ગામડીના માધવજીભાઈ પટેલ પણ તેમના પત્ની રૂડીબાઈ સાથે પધારેલા હતા. રુડીબાઈએ નવો નવો સંસાર શરુ કર્યો હતો. સુંદર, નવરંગી નવોઢા જેવા વસ્ત્ર પરિધાન કરેલા હતા.

શ્રીજી મહારાજની નજર રૂડીબાઈ ઉપર પડી. પછી એમણે કહ્યું રૂડીબાઈ તમે સત્સંગી છો ? ના, થવું છે ? હા, મહારાજ ગંગામાંને કહો અમને વર્તમાન આપે. શ્રીજી મહારાજ કહે રૂડીબાઈ એમ વર્તમાન ના અપાય. તો મહારાજ ! શું કરું તો વર્તમાન લેવાય. તો સાંભળો સત્સંગી થવું હોય તો પહેલા આ લાલ પીળા લૂગડા બદલવા પડશે. જગતના બધા પુરુષોને માધવજી સહિત સર્વેને ભાઈ-બાપ માનવા પડશે કબૂલ છે?

હા, મહારાજ ! કબૂલ છે. બધુજ કબૂલ છે. આપો સફેદ કપડાં, બોલાવો વાળંદ કપાવી નાંખો માથાંના વાળ, વિલંબ ના કરશો. હું તો ભાગ્યશાળી થઈ ગઈ. મને મહારાજ ! આપ ઘર, સંસાર, પરણેતર છોડાવી આપની ભકિતમાં રાખવા આજ્ઞા કરો છો. તેથી મારું તો જીવતર ધન્ય થઈ જશે. અંતરયામી ! દયા કરો જલ્દી કરો, શ્રીજી મહારાજે કળશિયો મંગાવ્યો. રૂડીબાઈના માથે મૂકાવ્યો. પછી બોલ્યા. રૂડીબાઈ, આમ સંસાર ત્યાગ કરી ત્યાગી થવાનો આવો પાકા નિર્ધારનો ઘાટ કેમ થયો ?

મહારાજ ! અહીં ગામડીથી દર્શન કરવા આવ્યા હતા. આપના દર્શન થતા જ મનમાં કંઈક આપની મોટપના, આપની દયાના, આપની શક્તિઓનો પાકો નિશ્ચય થવા લાગ્યો અને વળી સ.ગુ. મુકતાનંદ સ્વામીના કીર્તનોના શબ્દો એ તો મારું કાળજું વીંધી નાખ્યું. મારા રૂંવાડા ખડા થઈ ગયા. સાચી મિલ્કત કઈ છે તેની ખબર પડી, “રે, શ્યામ તમે સાચું નાણું બીજું સર્વે દુઃખ દાયક જાણું”, હજુયે મને એમ થાય છે કે એ શબ્દો સ્વામી નહી. હું જ મન, વચન, કર્મથી ગાતી હતી. ભલે તમારી પ્રેરણાથી, તમારી શક્તિથી સ્વામીએ ગાયા હોય, પછી મહારાજ બોલ્યા રૂડીબાઈ ! લોક લાજ નહી નડે ? મહારાજ ! હું પાગલ, ગાંડી થઈ ગઈ છું. અલબેલાના હેતમાં ડુબી ગઈ છું. તમારી ઉપાસનામાં મને હવે સમજાઈ ગયું છે. તમે તો પ્રાણના આધાર છો. સાંભળ્યું હતું મીરા દીવાની હતી કૃષ્ણની, પણ મને પાકો નિર્ધાર આજ થઈ ગયો છે. પાગલ જગત નાશવંત છે. પણ હે ભગવાન આપ તો ભવસાગર પાર કરનારા નાવિક છો ? કૃપાનાથ ! મારી નાવ પાર ઉતારો. લોકલાજ હવે મને નડતી નથી. રૂડીબાઈની નાની ઉંમર, ગામડાની અભણ નારી અને આવી સમજણ જોઈ મહારાજ. ખૂબ રાજી થયા પછી સભામા બેઠેલા અમદાવાદના ભકત નથ્થુરામ ભટ્ટ કે જેમના પત્ની, થોડાક સમય પહેલા ગુજરી ગયેલા તેમને સબોંધી બોલ્યા. નથ્થુરામ ! આવી રૂડીબાઈ જેવી સમજણ કેળવો. નાશવંત જગતમાં આશક્તિ ના રાખશો. પત્નીના વિરહની વ્યથામાંથી બહાર નીકળો. કલ્યાણના માર્ગ ને પકડો, મોક્ષને પામવા જીવતર જીવો, આપ તો જ્ઞાની છો. શાસ્ત્રોના વકતા છો. અમારા આશ્રિત છો. એમ કહી નથ્થુરામ ભટ્ટને નવો જ્ઞાનમાર્ગ બતાવ્યો. જગતના જીવની માયિક આસકિતમાંથી બહાર કાઢ્યા. પત્નીના

વિયોગમાંથી ભક્તિ માર્ગ નો ઉપદેશ આપ્યો, પત્નીના મર્યાનો વિરહ નો ઉપચાર કર્યો.

પછી શ્રીજી મહારાજ રૂડીબાઇને કહે રૂડીબાઇ ધન્ય છે તમને ! ધન્ય છે તમારા વૈરાગ્ય ભાવને ! ધન્ય છે તમારી સમજણને ! તમારી નિષ્ઠાનેપણ ધન્ય છે.! આજથી અમારા પાકા સત્સંગી થયા. રૂડીબાઇને વર્તમાન ધરાવ્યા પછી શ્રીજી મહારાજ બોલ્યા. રૂડીબાઇ અમે જે કહ્યું હતું એ તો તમારી પરીક્ષા હતી. એને મિથ્યા માનજો. પરણેતર સિવાયના ભાઇ-બાપ માનજો. ધર્મ પાળજો. ભક્તિ કરજો, સંસારમાં રહી ત્યાગી જેમ નિયમ, ધર્મ પાળજો. અમો ખૂબ રાજી છીએ. અમે તમારુ જરૂર કલ્યાણ કરીશુ. આમ ભીતર ભેદાય એવા કીર્તન પદોથી જીવનું કલ્યાણ થયું. કીર્તન ભક્તિ, નવધા ભક્તિમાં એક શ્રેષ્ઠ ભક્તિ છે. નિત્યવિધિમાં ગવાતા ચેષ્ટા ના પદો માં આવા પદો સાંભળવા મળે છે, આમ આવા આપણા નંદસંતોના પદોમાં કેટલી બધી તાકાત છે એ જાણી શકાય છે.

# ડુંગળી - લસણ શા માટે નહીં ?

- શૈલેષકુમાર જી. પટેલ (પ્રાંતિજ)

શિક્ષાપત્રીના શ્લોક ૧૮૬ માં મહારાજે આજ્ઞા કરી છે કે જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારી ન પીવું ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી.

આ શ્લોક એકલા બ્રહ્મચારીઓ માટે નથી. તમામ માટે છે. બ્રહ્મચારી ધર્મમાં કહેલી આ વાત તમામ આશ્રિતોને લાગુ પડે છે. વળી સત્સંગી આચરણથી બ્રાહ્મણ સમાન ગણાય છે.

ઘણા સારા સત્સંગીઓને ત્યાં પણ એમ ચાલતું હોય છે કે ડુંગળી તો સારી, લસણ તો શિયાળામાં વાંધો નહીં. કેટલાક લોકો પોતાના ઘેર લગ્ન પ્રસંગ જેવા જાહેર જમણવારમાં પણ ''ચણા'' જેવા અમૂક ચોક્કસ શાકમાં લસણ ડુંગળીનો ઉપયોગ કરે છે જેનાથી ટેસ્ટ સારો આવે છે.

શતાનંદ સ્વામી આયુર્વેદના વાક્યો ટાંકીને કહે છે કે ધન્વતંરી તથા નિઘંટુ નામના શાસ્ત્રના અભિપ્રાય મુજબ ડુંગળી મોંઢાને બગાડે છે. જીભમાં તથા કંઠમાં ચાંદીઓ પાડે છે. શરીરનું લોહી પાતળું બનાવી દે છે. લોહી પાતળું પડે એટલે થાઈરોઈડ ગ્રંથીનો સ્ત્રાવ વધે તથા બી.પી. ની વધ-ઘટ થાય જેથી ક્રોધનો ઉશ્કેરાટ જલ્દી આવે છે. ક્રોધથી માણસ વિવેક શૂન્ય બની જાય છે અને મા-બાપ સામે, ભાઈ સામે, પત્ની સામે, બાળકો ઉપર વાતવાતમાં ઉશ્કેરાઈ જાય. સામાન્ય રૂપિયાની બાબતમાં ઝઘડો કરી નાની સરખી વાતમાં હથિયાર ચલાવે અને ક્યારેક કોઈનું ખૂન પણ કરી નાખે.

આયુર્વેદના શાસ્ત્રો મુજબ સમુદ્રમંથન વખતે ભગવાનના મોહિની સ્વરૂપે સુદર્શનચક્ર વડે ''રાહુ'' નામના અસુરના અમૃતથી ભરેલા અતિ મોટા મસ્તકને છેદી નાખ્યુ તેના પૃથ્વી પર પડેલા રક્તના છાંટામાંથી લસણ પેદા થયું. માટે જ એ અભક્ષ્ય છે. અને તામસ ગુણ ધરાવે છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો ડુંગળી-લસણમાં અત્યંત દુર્ગંધ છે. એવી દુર્ગંધથી માણસનું મન વિકૃત થઈ જાય. દુર્ગંધ દેવને પ્રિય નથી. દેવને સુગંધ પ્રિય છે. આપણે દેવસ્થાનમાં અગરબત્તી પેટાવીએ છીએ. સુગંધી પુષ્પોના હાર પહેરાવીએ છીએ. પણ ડુંગળી-લસણની ગંધ આવતી હોય તો ભગવાનને ગમતી નથી.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને રાજસ, તામસ અને સાત્વિક એ ત્રણ પ્રકારે ખોરાકનું વર્ગીકરણ કરેલું છે. જેમાં ડુંગળી-લસણને તામસ ગણાવ્યાં છે. તો તામસ ખોરાક સાત્વિક માણસોએ ખાવો ન જોઈએ. સાત્વિક પ્રકૃતિના ભગવાનના ભક્તો પ્રતિદિન અવાર-નવાર તામસી વસ્તુઓ ખાય તો એની પ્રકૃતિ બદલાય છે. તમોગુણી જરૂર બની જાય છે. માટે ભોજનમાં ક્યાંય લસણ નાખેલુ હોય કે શાકમાં ડુંગળી નાખી હોય તો એવું ભોજન કોઈ દિવસ લેવું નહી.

યાજ્ઞવલ્કય ઋષિ એમ કહે છે કે કોઈએ ડુંગળી અને લસણ ખાધું હોય તો એને દારૂ પીએ ને જે પાપ લાગે એટલું પાપ લાગે છે. સ્વામિનારાયણ સંપ્રદાય સિવાય બીજા સંપ્રદાયોમાં પણ ડુંગળી-લસણનો ત્યાગ છે. વૈષ્ણવ ધર્મમાં નિષેધ છે. તેમજ હિન્દુ ધર્મના પ્રાચીન ગ્રંથ વેદમાં પણ આ તામસ ખોરાકના ત્યાગનું વર્ણન કરેલ છે. બીજા જૈનાદિ ધર્મોમાં પણ નિષેધ છે. આમ ડુંગળી-લસણનો તો લગભગ ઘણા સંપ્રદાયોમાં નિષેધ છે.





માણસા મંદિરનાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં
આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







દરબારગઢ (મોરબી) મંદિરનાં ૧૫૦ માં પાટોત્સવ પ્રસંગે
ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં
આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




ન્યુ નિકોલ નિર્માણાધિન મંદિરના ઉપલક્ષમાં આયોજીત
સત્સંગ સભામાં અમદાવાદ મંદિરના
પૂ. મહંત સ્વામી અને હરિભક્તો







પેથાપુર મંદિરના ૨૦ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી




સરઢવ મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




ઘમીજ (તા. દહેગામ) મંદિરના રજત જયંતી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






ઉનાવા મંદિરના ૪૨ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં
આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ધોળકા મંદિરના ૧૯૭ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા
અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





પારસીપની (અમેરિકા) મંદિરના ૯ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા  અને બાળ મંડળ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી



નારણપુરા (અમદાવાદ)મંદિરમાં ખીચડી ઉત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



હર્ષદકોલોની (બાપુનગર) મંદિરનાં ૬ઠ્ઠા પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ન્યુ રાણીપમાં શ્રીહનુમાનજીની આરતી ઉતારતા અને સૂચિત મંદિરમાં યુવકો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી



બોપલ મંદિરના ૧૯ માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

# નામ - ધર્માદો

- ગંગારામભાઈ એમ. પટેલ

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ માં લખ્યું છે કે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન-ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ભાગ અર્પણ કરવો.

આવકમાં ધન અને ધાન્ય એમ બે પ્રકાર ગણવામાં આવ્યા છે. જે હરિભક્તો ખેતીનો વ્યવસાય કરતા હોય તેમને અનાજ વગેરે તેઓની આવક ગણાય અને જે હરિભક્તો વેપાર કે અન્ય કોઈ ઉદ્યમ-નોકરી દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હોય તેઓને દ્રવ્ય તેમની આવક ગણાય. તમારી આવકમાંથી દશમો ભાગ ભગવાનને અર્પણ કરવો. અને **દુર્બળ હોય તો વીસમો ભાગ. આમાં આડકતરુ સૂચન છે કે દુર્બળ જ રહેવું હોય તો વીસમો ભાગ અને જો તમે સુખી થવા ઈચ્છતા હોય તો દશમો ભાગ પોતાના ઈષ્ટદેવને બહુ પ્રેમથી હેતથી અર્પણ કરવો. એનું નામ ધર્માદો...** ધર્મ માટે દઈ દેવું. ધર્મના પ્રચાર માટે ધર્મની સેવા માટે ઈષ્ટદેવને આપી દેવું એનું નામ ધર્માદો.

પોતપોતાના દેશના મુખ્ય મંદિરમાં એટલે કે ઉત્તર વિભાગના હરિભક્તો અમદાવાદ શ્રી નરનારાયણદેવના કોઠારમાં અને દક્ષિણ વિભાગના હરિભક્તો વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવના કોઠારમાં ધર્માદો લખેલી પાવતી મેળવી તેને સાંપ્રદાયિક બંધારણ મુજબ ધર્માદો અર્પણ કર્યો કહેવાય. અને તેની તમામ જવાબદારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વીકારે છે.

જે ગૃહસ્થ પોતાના ધનમાંથી પરમાત્માનો ભાગ કાઢે છે એ ગૃહસ્થ સદાય સુખી થાય છે. એનું ધન પવિત્ર બની જાય છે. એનું ધન કોઈ દિવસ એને દુર્મતિ આપતું નથી. **પવિત્ર દ્રવ્ય હંમેશા સન્મતિ સૂઝાડે છે. પવિત્ર દ્રવ્ય સંપ વધારે છે. ઘરમાં સંપ હોય ત્યાં સંપત્તિ ટકે છે. ઘરની અંદર જો કુસંપ થવા માંડે તો સમજવું કે આપણા પૈસા કાંઈક અપવિત્ર છે.** એને પવિત્ર બનાવવા માટે દેવદ્રવ્યનો ભાગ તો કાઢવો જ જોઈએ. જેને સુખી થવું હોય તે એક રૂપિયો કમાય કે લાખ રૂપિયા કમાય. તેમાંથી જો ધર્માદો કાઢે તો તેને ત્યાં ક્યારેય દ્રવ્યનો તોટો આવતો નથી. નિયમિત ધર્માદો કાઢનાર રોડપતિમાંથી લખપતિ થાય છે. તેવા કેટલાય દાખલા છે.

**એક સત્સંગીનો દાખલો :**

એક સત્સંગી હરિભક્તની આર્થિક સ્થિતિબ હુ નબળી હતી. વહેલી સવારમાં ઉઠીને સાયકલ દોડાવીને છાપાં નાખતા. એમાંથી માંડ માંડ ગુજરાન ચાલતું. એમને નરનારાયદેવના દર્શન કરવાનો પાકો નિયમ. એક વખત આ ભાઈએ એક સંતને પોતાનું દુઃખ જણાવ્યું. સંતને દયા આવી. સંતે આવકનો દશમો ભાગ શ્રી નરનારાયણદેવના ચરણે ધરવાનો નિયમ આપ્યો. સંતના વચનમાં વિશ્વાસ રાખીને તે સદ્‌ગૃહસ્થ શ્રી નરનારાયણદેવના ચરણોમાં આવકનો દશાંશ ભાગ ધર્માદા રૂપે જમા કરાવવા લાગ્યા અને ચમત્કાર સર્જાયો. ભગવાનની કૃપા ભળી. સોનીની દુકાને નોકરી મળી. પ્રભુકૃપાથી આવડત વધી. પોતાની સ્વતંત્ર દુકાન ખોલી. જોતજોતામાં કરોડપતિ બની ગયા.

ઉપનિષદોમાં, શાસ્ત્રોમાં લખ્યું છે કે તમારી આવકમાં મા-બાપનો ભાગ, બ્રાહ્મણનો ભાગ, રાજાનો ભાગ અને દેવનો ભાગ છે. રાજા તો કાયદાથી, દરોડા પાડીને લઈ લે છે. મા-બાપની તમે જો સેવા કરતા હો, એમની ઈચ્છા હો તો યાત્રા કરાવો, ઉત્સવ-સમૈયામાં લઈ જાઓ. કોઈ મંદિરમાં થાળ કરાવો તો એ મા-બાપનો ભાગ નીકળે જ છે. એમ સમજવું. બ્રાહ્મણને ઘેર બોલાવો, ક્યાંય હોમ-હવન હોય, ક્યાંય પૂજા હોય, ક્યાંય કથા હોય, ક્યાંય પાઠ હોય, ક્યાંય જપ હોય એ નિમિત્તે બ્રાહ્મણને જે દક્ષિણા આપો એ બ્રાહ્મણનો ભાગ છે. હવે રહે છે દેવનો ભાગ. દેવ કોઈ દિવસે તમારે ઘેર માગવા આવતા નથી. દેવલ ઋષિ કહે છે કે જેટલી આવક હોય તેના ચાર ભાગ

કરવા. એક ભાગ દેવને આપી દેવો. એક ભાગ બચાવવો અને બે ભાગમાંથી વ્યવહાર ચલાવવો. **અંગિરાઋષિ એમ કહે છે કે સુખી થવા ઈચ્છતા ગૃહસ્થોએ બીજા ભાગ પછી નીકળે તો ચાલે પણ દેવનો ભાગ તો પહેલો જ કાઢવો. ધર્માદાનું અન્ન અને ધન ઘરની અંદર રાખવું નહી. ધર્માદાની વસ્તુ ઠાકોરજીના ભાગની ચીજ જો આપણા વ્યવહારમાં ભળી જાય તો આપણને દુઃખી કરે છે.** સુદામાના નસીબમાં સુખ હતું, સંપત્તિ હતી પરંતુ ધર્માદાનો ભાગ એટલે કે ભગવાનનો ભાગ એમના પેટમાં જતો રહ્યો તો પરિણામ એ આવ્યું કે એ દરિદ્ર બની ગયા.

દેવદ્રવ્ય હળાહળ ઝેર તુલ્ય કહેલુ છે. એ કોઈ દિવસે ઘરના વ્યવહારમાં લાવવું નહી અને વ્યવહારમાં વાપરવુ નહીં. ધર્માદો આપવો હોય તો ચાળીસમાં ભાગથી હેઠા કોઈ દિવસે ઉતરવું નહી. શ્રીહરિ કહે છે,

**"જે જે ઉધમથી તમે કમાઓ,**
**જો શિષ્ય સાચા મુજના ગણાઓ,**
**દશાંશ વિશાંશ ગજા પ્રમાણે,**
**દેવાર્થ દેજો ધન તેહ ટાણે.**
**કુટુંબીમાંહે જે જન હોય,**
**તે બાળક, વૃધ્ધ જવાન હોય,**
**પ્રત્યેક નામે ગણી આઠ આના,**
**દેજો ગુરુને પ્રતિવર્ષ દાના."**

**દેવ મંદિરમાં નિભાવ માટે ધર્માદો છે. અને આચાર્યશ્રીના વ્યવહાર માટે નામ ભેટ છે. જે પ્રતિવર્ષ આપવાની આજ્ઞા કરેલી છે. તે હાલમાં પચીસ રૂપિયા છે. જે દરેક સત્સંગી માત્રે વ્યક્તિ દીઠ આપવો એમાંજ આપણું સુખ અને શ્રેય છે.**

હરિમંદિરોમાં અગર ગાદીના મંદિરથી દૂરના મંદિરોમાં આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંતો હરિભક્તોને સત્સંગ કરાવવાના ઉદ્દેશથી તથા ધર્માદો ઉઘરાવવાના હેતુથી જાય છે. ત્યાં મુખ્ય મંદિરની પાકી પહોંચબુક લઈને જાય છે. તો એવા સમયે અર્પણ કરેલો ધર્માદો હરિમંદિરમાં આપ્યો હોવા છતાં મુખ્ય મંદિરે જ પહોંચે છે. ધર્માદાની પહોંચ આચાર્ય મહારાજશ્રીના નામવાળી હોય છે. **ધર્માદો લાખોનો આપીએ પરંતુ નામ ભેટના પૈસા ન આપીએ તો પણ સંપ્રદાયના સભ્ય કહેવાઈએ નહી.**

દેવનો ભાગ દેવને ન આપીએ એટલે પછી ડૉક્ટર લઈ જાય. વકીલ લઈ જાય, ખીસ્સું કપાઈ જાય, ચોરાઈ જાય એમ કોઈને કોઈ રીતે બાદબાકી થઈ જાય. તેનાં કરતા દેવને આપવું શું ખોટું છે ! બીજાના અધિકારની વસ્તુ પણ જો આપણને ન પચતી હોય તો પછી દેવનો ભાગ તો આપણે ક્યાંથી પચાવી શકવાના ! માટે આપણે દશમો ભાગ શ્રીહરિને અર્પણ કરવો જોઈએ. દેવનું દ્રવ્ય દેવને અર્પણ નહી કરીને પોતાના ઘરખર્ચમાં વાપરવું એ જ લોભનું લક્ષણ છે. માટે શ્રીહરિની આજ્ઞા સમજીને દેવદ્રવ્ય પોતાના વ્યવહારમાં વાપરવું નહી એ જ સત્સંગી માત્ર માટે શ્રેયષ્કર છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર વૈશાખ સુદ-૧૫ સત્સંગ સભા, ઠાકોરજીના થાળ સંત-હરિભક્તોની રસોઈના યજમાનશ્રી પ.ભ. અશોકભાઈ હરગોવનદાસ પટેલ, હ. પુત્ર જૈમિન અશોકભાઈ પટેલ, હેપ્પી અશોકભાઈ પટેલ, શૌર્ય અશોકભાઈ પટેલ પરિવાર (રામનગરવાળા).**

**શ્રી નરનારાયણદેવના શિખર ઉપર ધજાના યજમાનશ્રી : પ.ભ. પાર્થ સુરેશભાઈ પટેલ - મુખી પરિવાર - કલોલ**

**જમીયતપુરા શ્રી પ્રભાહનુમાનજી મંદિરના નવા મહંત સ્વામીની નિયુક્તિ**

જમીયતપુરા શ્રીપ્રભા હનુમાનજી મંદિરના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ પંચવટી મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

# આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ)

- બિપીન પટેલ (ગાંધીનગર)

ગાંધીનગર જિલ્લાના સાદરા વાસણા દેશમાં સાબરમતી નદી ના પૂર્વ કિનારે ઘણા જ પ્રસાદી ધામો આવેલા છે. તથા હરિ મંદિરો પણ આવેલા છે. આવો આપણે આજે સાદરા વાસણા દેશમાં આવેલા ત્રણ ગામોના મંદિરનું મહાત્મય જાણીએ.

ગાંધીનગરથી આશરે ૧૦ કિલોમીટર દૂર નવા ધરમપુર ગામ આવેલું છે. ગાંધીનગરથી ચિલોડા તરફ જતા હોઈએ ત્યારે લેકાવાડા ગામથી ડાબા હાથે જતા સૌ પ્રથમ ધરમપુર ગામ આવે છે. ત્યાં સુંદર નૂતન હરિ મંદિરના દર્શન થાય છે. તેની વિગતવાર માહિતી આ પ્રમાણે નીચે લેખમાં જણાવેલ છે.

**(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર, નવા ધરમપુર (ભંડિયા) હરિ મંદિર દર્શન**

આશરે ૫-૬ પેઢી પહેલા અમારા ગામમાં એક દરબાર હરિભક્તને સ્વામિનારાયણનો સત્સંગ થયો. દરબારો મુખ્યત્વે પ્રાંતિજથી આવી વસેલા હતા. જેથી ઠાકોરોના કુળદેવી મહાકાળી માતાની પૂજા થતી.

જે સત્સંગી ભક્ત થયા તેના કુળ પરંપરામાં સત્સંગ ફુલ્યો ફાલ્યો અને તેમનું એક ઘર ગામના ચોક વચ્ચે જ હતું. જે એ સમયે ગારમાટીનું અને દેશી નળિયાવાળું હતું. જે તેમણે મંદિર બનાવવા આપ્યું. જેમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે અમદાવાદ જઈ પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ કરાવી મૂર્તિની સ્થાપના કરી હતી. પ.પૂ. મહારાજશ્રીની ગામમાં પધરામણી થઈ ન હતી. જેથી તિથિ કે સાલ ખબર નથી પરંતુ અંદાજે ૧૫૦ વર્ષ થયા હશે.

ત્યાર પછી તેમના કૂળમાં એક પરમ ભકત થયા. જે અમદાવાદ મંદિરમાં સંતદીક્ષા લીધી. જે સંતનું નામ ભક્તિ સ્વામી હતું. તેમના ગુરુભાઈ નારાયણપ્રસાદ શાસ્ત્રી હતા. નારાયણમુનિ સ્વામી તથા નારાયણપ્રસાદ શાસ્ત્રી સ્વામી તથા ભક્તિ સ્વામીના સાથ સહકારથી માટી ગારનું મકાન પાડી ઈંટોનું મકાન મેડાવાળુ લાકડાથી જડેલો મેડો અને છત પતરાની, સંવત ૨૦૦૬ માં તૈયાર થયું. પરંતુ સંજોગોવસાત્ તેમાં મૂર્તિ પ્રતિષ્ઠા સંવત ૨૦૧૧ ના ફાગણ સુદ ત્રીજના દિવસે થઈ.

સમયાંતરે આ મૂર્તિઓ સોનાના વરખ ચઢાવેલી હતી. જે ભેજ લાગવાથી ઝાંખી થઈ.ગામના ભકતોએ સંતો તથા પ.પૂ. મહારાજશ્રી સાથે પરામર્શ કરી, સોના વરખના પોપડા ઉખડેલ હોવાથી ખંડિત થઈ હોવાથી તે મૂર્તિઓનું ઉત્થાપન વિધિ કરી, અમદાવાદ લઈ ગયા અને એની એ જ મૂર્તિને ફરીથી વરખનો ઢોળ ચઢાવી તૈયાર કરી.

આ મૂર્તિની ફરી સ્થાપના ઈ.સ. ૧૯૮૦ ના વૈશાખ સુદ ૧૪ ના રોજ કરવામાં આવી. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા, યજ્ઞ, કથા પારાયણ થઈ તથા ગામના દરેક (સત્સંગી/બીન સત્સંગી) ના ઘરોઘર પ.પૂ. મહારાજશ્રીએ ચાલતા પધરામણી કરી.

સમય જતાં મંદિરની બાજુમાં જ પૂજાજી ધનાજી રાણા જે પરંપરાના સત્સંગી હતા. જે ખેતરમાં નવું ઘર બનાવી રહેવા ગયા હતા. તેમણે પોતાનું જુનું ઘર મંદિરમાં આપી દીધુ. જેથી મંદિર નવું અને મોટું બનાવવાનો વિચાર થયો.

આ સમયે શ્રી પુરૂષોતમપ્રકાશદાસજી સ્વામી (નાના) ગાંધીનગર, સે-૨ ના મહંત પદે હતા. ગામના હરિભકતોએ પૂ. પી.પી. સ્વામીને નવું મંદિર કરવા વિનંતી કરી. તેમના સાથ સહકાર અને અથાગ પ્રયત્નથી જૂનું મંદિર પાડીને નવું ભવ્ય બે માળનું સુંદર મંદિર તૈયાર થયું. જેમાં નીચેના ભાગમાં મંદિર તથા સંતોનું રસોડું બનાવવામાં આવ્યું. તથા ઉપરના માળે હોલ બનાવવામાં આવ્યો. મંદિર તૈયાર થતાં સંવત ૨૦૭૪ ના મહાવદ-૯, તા.૦૯-૦૨-૨૦૧૮ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. હાલના અમદાવાદ કાલુપુરના મહંત અને એ સમયે ગાંધીનગર, સેકટર-૨ ના મહંત પૂજય સદ્‌ગુરૂ પુરૂષોતમપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણા અને અધ્યક્ષ સ્થાને ઉત્સવનું આયોજન થયું. તા. ૦૭-૦૨-૨૦૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થઈ હતી.

**(૧) પ્રથમ માટીના મંદિરમાં મૂર્તિઓ :** ચોરસ તખ્તો તેમાં ૧ ચક્ષુવાળી શ્રીજી મહારાજની મૂર્તિ, બાજુમાં નરનારાયણદેવ સાથે ઉધ્ધવજી- ગરૂડજી સાથેની નારાયણજીભાઈ સુથારે છાપેલી મૂર્તિ, નીચે ડાબી બાજું પ્રસાદીના ચરણાવિંદની કાપડ ઉપર પાડેલી છાપ અને જમણી બાજુ ધર્મદેવ ભક્તિમાતા ઘનશ્યામ મહારાજની નારાયણજીભાઈ સુથારે છાપેલી મૂર્તિ — બધી જ પ્રસાદીની મૂર્તિઓ છે.

**(૨) ઇંટ – પતરાવાળા મંદિરમાં મૂર્તિઓ :** તખ્તામાં વચ્ચે ઊભી શ્રી ઘનશ્યામ મહારાજની સોનાના વરખની મૂર્તિ ઉપરના ડાબા ખૂણામાં શ્રી નરનારાયણ દેવ અને જમણા ખૂણામાં શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજની નીચે ડાબી બાજુ

ધર્મદેવ-ભક્તિમાતા, રામપ્રતાપજી, ઈચ્છારામજી, સુવાસિની સહિતની બાળ ઘનશ્યામની મૂર્તિ તથા જમણી બાજુ ચરણાવિંદ.

**(૩) હાલનું નવું મંદિર :** ડાબી બાજુ શ્રી નરનારાયણ દેવ વચ્ચે ઘનશ્યામ મહારાજ તથા જમણે શ્રી રાધાકૃષ્ણ દેવ બિરાજમાન છે. પ્રથમ સત્સંગી થયા તે જે વાસમાં રહેતા હતા તેના સત્સંગના પ્રતાપે તે વાસનું નામ ''ભકતોનો વાસ'' નામ પડ્યું.

આશરે સો વર્ષ પહેલાં તેમના કૂળમા અજોજી સત્સંગી હતા અને ગામનુ મૂખીપણું તે કરતા હતા. તે વખતે એવો રિવાજ હતો કે જે ગામનો મૂખી હોય તેના ખર્ચે પાડો લાવી ગામની મહાકાળી માતાની આગળ બલી આપવાનો વારો હતો.

અજાજી મૂખી હતા તેથી તેમનો વારો આવ્યો તો તેમણે બલી આપવાની ના પાડી તો ગામ લોકોએ વિરોધ કર્યો પણ અજાજી એકના બે ન થયા અને કહ્યું કે જો માતાને બલી જ જોઇતો હોય તો મારો બલી ચઢાવો પણ પાડાની હિંસા હું નહી થવા દઉ.

ત્યારે કોઈ ભૂવાએ ધૂણીને કહ્યુ કે મારે પાડાનો બલી જોઈતો નથી. આજથી સુખડીનો પ્રસાદ કરશો તો મારે ચાલશે. ત્યારથી પાડાનો બલિ બંધ થયો.

નવા ધરમપુર થી આગળ જતા ૩ કિલોમીટર દૂર દોલારાણા વાસણા ગામ આવે છે. આ ગામ ખૂબ જ પ્રસાદી નું ગામ છે. અને ખૂબ જ જૂનું હરિ મંદિર ત્યાં આવેલું છે. ત્યાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની નયન રમ્ય મૂર્તિના દર્શન થાય છે. તેની વિગતવાર માહિતી આ પ્રમાણે નીચે લેખમાં જણાવેલ છે.

**(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર દોલારાણા વાસણા**

''મંગળમૂર્તિ મહાપ્રભુ શ્રી સહજાનંદ સુખરૂપ
ભક્તિધર્મસુત શ્રી હરિ સમરૂ સદાય અનુપ.''

શ્રી હરિ ગુજરાતમાં વિચરણ કરતા ત્યારે નાનામાં નાના ગામના મુમુક્ષુ હરિભકતને ગામ-ઘરે જરૂર પધારતા હતા.

વાસણા-સાદરા દેશમાં વિચરણ કરતાં શ્રી હરિ સાબરમતી નદીને કિનારે આવેલા ગાંધીનગર જીલ્લાના ચિલોડા પાસેના વાસણા-સાદરા દેશ તરીકે આપણા સત્સંગમાં નોંધાયેલા ગામોના હરિભકતોને દર્શન સુખ આપીને આ ગામોને વૃન્દાવન સમ પવિત્ર-પાવન કર્યા છે.

વાસુદેવાનંદ વર્ણીકૃત સત્સંગિભૂષણ અંશ-૨ માં અધ્યાય-૬૨ માં શ્લોક-૧૫ થી ૨૧ સુધી નીચે જણાવ્યા પ્રમાણે મહાત્મ્ય કહેલું છે.

''શ્રી હરિ બીજે દિવસે પ્રાતઃ કાળે ત્યાંથી વાસણા ગામે પધાર્યા. શ્રી હરિનું આગમન જાણીને તે ગામના સર્વે ભકતજનો ખૂબ રાજી થયા. (૧૬) બેચરજી, હેમચંદ, કેવળજી આદિક હરિભક્તો હાથમાં પૂજાના પદાર્થો લઈને, વાજિંત્રો વગાડીને કીર્તનો ગાતા ગાતા શ્રી હરિની સન્મુખ ગયા. (૧૭) તે સર્વે ભકતોએ શ્રી હરિના દર્શન કરી તેમને નમસ્કાર કરીને તેમની પૂજા કરી પછી સાબરમતીને કિનારે આવેલી ફૂલવાડીમાં તેમને ઉતારો કરાવ્યો. (૧૮) પછી હેમચંદ, કેવળ, બહેચર આદિક વૈશ્ય ભકતોએ તે પ્રભુની તથા સંત, વર્ણી અને પાર્ષદોની પ્રેમથી સેવા કરી (૧૯) બ્રાહ્મણો પાસે ખૂબ ઘી સાકર નાખીને લાડુઓ બનાવી તેમને જમાડયા. પછી સુંગધી ચંદન, પુષ્પહારો અને વસ્ત્રાલંકારો વડે તેમનું પૂજન કર્યું. (૨૦) ભકતનંદન શ્રી હરિએ કથાવાર્તા કરીને હરિભકતોને સુખ આપ્યું અને પછી સંધ્યા સમયે નારાયણ ધૂન કરી. (૨૧) શ્રી હરિ રાત્રીને સમયે ત્યાં પોઢી ગયા, બીજે દિવસે સવારે વિસનગર બાજું પ્રયાણ કર્યું.

દોલારાણા વાસણા મંદિરમાં શ્રીજી મહારાજ સંવત ૧૮૭૫ માં થાળ જમ્યા હતા, તે પ્રસાદીની થાળીના હાલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ, નારણપુરામાં દર્શન થાય છે.

શ્લોક-૧૫ થી ૨૧ નો સારાંશ (સત્સંગિભૂષણ અંશ.૩૨ અધ્યાય-૬૨.)

પેથાપુરથી પ્રભુ પ્રાતઃ કાળે બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિ સાધુઓ સાથે વાસણા ગામે પધાર્યા. ત્યાંના હરિજનો તે પ્રભુને પોતાના ગામમાં આવતા જાણી બહુ આનંદ પામ્યા. પ્રભુને જોઈને નમસ્કાર કર્યા. પછી તેમની પૂજા કરી. પછી સાબરમતીના કિનારે બગીચામાં પ્રભુ પથ્થર પર બિરાજમાન થયા. ત્યાં બહેચરજી, હેમચંદ અને કેવળ આદિક વૈશ્યોએ તે પ્રભુની તથા સંત, વર્ણી અને પાર્ષદોની પ્રેમથી પૂજા કરી. પછી પુષ્કળ ઘી-સાકરના લાડુ બ્રાહ્મણો પાસે બનાવડાવીને જમાડયા. તે પ્રભુએ મુનિઓ સાથે નારાયણ ધૂન કરીને પોઢી ગયા. ત્યાંથી પ્રભુ પ્રાતઃકાળે વિસનગર પધાર્યા.

શ્રી સ્વામિનારાયણ મંદિર, દોલારાણા વાસણાની મૂર્તિ પ્રતિષ્ઠા સંવત ૧૯૮૧ જેઠ સુદ-૫ ને દિવસે કરવામાં આવેલ હતી. મંદિરમાં ચાંદીના સિંહાસનમાં બિરાજમાન

બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ ખૂબ જ પ્રતાપી છે. ત્યાંના સ્થાનિકોના અનુભવો પ્રમાણે મહારાજે ઘણાના ઘરે પુત્ર આપીને પારણા બંધાવેલ છે. ગાંધીનગરથી ૧૭કિલોમીટર દૂર આવેલ આ ગોકુળિયા ગામના દર્શન કરીને ધન્યતા અનુભવીએ.

દોલારાણા થી આગળ જઈએ ત્યાં આશરે પાંચ કિલોમીટર દૂર ખૂબ જ ઐતિહાસિક એવું સાદરા ગામ આવે છે. ત્યાં પણ પ્રસાદીના હનુમાનજી ગણપતિજી બિરાજે છે.અને ખૂબ જ સુંદર નૂતન મંદિરના દર્શન થાય છે.

**(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા**

''વર્ણિવેષ રમણીય દર્શનં, મંદહાસરૂચિરાનનામ્બુજમ ।
પૂજિતં સુરનરોતમૈર્મુદા, ધર્મનંદન મહં વિચિન્તયે ॥''

શ્રીહરિના દિવ્ય વિચરણનું વર્ણન વૈરાગ્યમૂર્તિ સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામીના અલૌકિક દિવ્ય શાસ્ત્ર ''ભકત ચિંતામણી'' તથા બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજીના ગ્રંથ ''સત્સંગિભૂષણ'' માં વર્ણવ્યું છે. જેમાં શ્રી હરિનું વિચરણ, શ્રી હરિના ભકતોના નામ વિગતવાર જોવા મળે છે.

શ્રી હરિના ચરણોથી અંકિત મહાપ્રસાદીભૂત ગામ ''સાદરા'' સાબરમતી નદીના પૂર્વ કિનારે ગાંધીનગરથી ૨૫ કિલોમીટરના અંતરે વસેલ ઐતિહાસિક ગામ છે. આ ગામમાં પ્રવેશતા જ ગામનો ભવ્ય ભૂતકાળ તાદશ્ય થાય છે. ગામમાં પ્રવેશતા જ સુંદર ''જક્ષણીધામ'' દરવાજો આવેલો છે. ગામનું પ્રવેશદ્વાર જગદંબાના અંશાવતાર ''જક્ષણીમાતા'' નું સુંદર મંદિર સાબરમતી નદીના કિનારે આવેલુ છે. તેમના નામ પરથી રાખેલ છે. ગામનું મંદિર અતિ પ્રાચીન છે. ગામની વસતી આશરે ૧૦ હજાર જેટલી છે. ગામમાં અહમદશાહ બાદશાહનો બનાવેલો પુરાણો કિલ્લો પણ આવેલો છે. આતો થઈ ગામના પ્રાથમિક પરિચયની વાત. આવો હવે આપણે જાણીએ શ્રી હરિની દિવ્ય લીલા ચરિત્ર વિચરણની વાતો.

શ્રી હરિ સાદરા ગામ પધાર્યા હતા અને સાબરમતીમાં ''ગઢડાનો આરો'' તરીકે ઓળખાતા સ્થાને સ્નાન પણ કર્યું હતું. સ્વામિનારાયણ ભગવાન જયારે ગામમાં પધાર્યા, ત્યારે જયાં ઉતારો કર્યો હતો ત્યાં આજે પણ શ્રી હરિના ચરણારવિંદના દર્શન થાય છે. ચરણારવિંદની નજીકમાં પ્રસાદીના હનુમાનજી બિરાજમાન છે. જે આજે પણ દર્શન આપી રહ્યા છે.

ગામમાં આશરે ૧૩૫ વર્ષ જુનું હરિમંદિર આવેલ છે. જયાં પ્રસાદીના ગણપતિજી – હનુમાનજી આજે પણ દર્શન આપી રહ્યા છે. આજથી ૮ વર્ષ પૂર્વે જયારે મંદિરના જીર્ણોધ્ધારનું કામ ચાલી રહ્યું હતું, ત્યારે હનુમાનજી – ગણપતિજીને મૂળ સ્થાનકેથી ખસેડીને મંદિર બાંધકામ કરવુ પડે તેમ હતું. પરંતુ હનુમાનજી મહારાજે ચમત્કાર બતાવ્યો હતો. બુલડોઝર પણ તેમને હટાવી શક્યુ નહતું. મશીન ખરાબ થઈ ગયું હતું. ત્યારે હનુમાનજીદાદાને પ્રાર્થના કરી અને તેમને ત્યાં જ રાખવાનું નક્કી કરીને મંદિરનુ કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આજે બે મજલા ધરાવતું સુંદર મંદિર વિદ્યમાન છે. મંદિરના નીચેના મજલે બહેનોનું મંદિર આવેલું છે. આ મંદિરમાં સિંહાસનની મધ્યે ઘનશ્યામ મહારાજના દર્શન થાય છે. તેમની પડખે નરનારાયણ દેવ, રાધાકૃષ્ણ દેવની નયનરમ્ય મૂર્તિઓના દર્શન થાય છે. મંદિરના પ્રથમ મજલે મુખ્ય મંદિર આવેલું છે. મંદિરમાં સુંદર નકશીકામવાળા સિંહાસનના મધ્યે સુંદર આરસમાં કંડારેલા શ્રી હરિ ઘનશ્યામ મહારાજના દર્શન થાય છે. તેમની અડખે પડખે નરનારાયણ દેવ, રાધાકૃષ્ણ દેવ દર્શન આપી રહ્યા છે. દર્શન કરીને ધન્ય થઈ જવાય છે. જાણે સાક્ષાત્ પરબ્રહ્મ પુરૂષોત્તમ નારાયણ ભકતોના કોડ પુરા કરવા અહિં અત્યારે જ પધાર્યા છે.

જગદંબા સ્વરૂપ જક્ષણીમાતાના દર્શન સુંદર ચાંદીના સિંહાસનમાં બિરાજમાન માતાજીના દર્શન થાય છે. ત્યાંના પૂજારી પરિવાર સાથે સંવાદ કરતા શ્રી હરિના અદ્‌ભુત પરચાની વાત જાણવા મળી. જયારે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા હતી ત્યારે ધર્મકૂળનો ઉતારો તેમના ઘરે જ હતો. પ.પૂ. મહારાજશ્રીને કોઈ હરિભક્તે વાત કરી હતી કે, પૂજારી પરિવારના સભ્યના ઘરે શેર માટીની ખોટ છે. ત્યારે પ.પૂ. મહારાજશ્રી એ શ્રી નરનારાયણદેવ સૌ સારા વાના કરશે તેમ કહ્યું હતું. જોષી પરિવારના આ સદ્‌ભાગી ભક્તે અમોને જાણ કરી હતી કે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ અમને ફળ્યા અને અમારા ઘરે પારણું બંધાણું છે. અમારે ત્યાં પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ છે. અમો ધર્મકૂળના અને પ.પૂ. મહારાજશ્રીના સદાને માટે ઋણી છીએ.

શ્રીહરિએ જયાં જયાં વિચરણ કર્યું અને જે જે ગામોમાં પધાર્યા ત્યાં આજે પણ શ્રી હરિ સાક્ષાત્ બિરાજમાન હોવાનો અહેસાસ થયા વગર રહેતો નથી. આવો આવા મહાન પ્રસાદીભુત ધામના દર્શન કરીને કૃતાર્થ થઈએ.

આ લેખમાં નવા ધરમપુર, દોલારાણા વાસણા તથા સાદરા ગામના હરિભક્તોનો ખૂબ જ સહકાર પ્રાપ્ત થયેલો છે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''આત્મ ધર્મમાં રહેવાનો પ્રયત્ન કરવાનો''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે દરેક જીવ એક લાંબી યાત્રા ઉપર છીએ. આપણી આ યાત્રા પુરી થતી જ નથી. કેટલું ભટકી ભટકીને પાછા આવ્યા છીએ. **'આપણું લક્ષ્ય શું છે ?'** તે બધાને ખબર છે. તો પણ ભટકી જવાય છે. ભટકવાનું કારણ 'અજ્ઞાન' છે. માણસ અજ્ઞાનને કારણે ફસાય છે. અજ્ઞાન શેનું છે. તો પોતાને શરીર સમજીએ છીએ એટલે તકલીફ થાય છે. શરીરના ધર્મ પુરા કરવામાં જ પ્રયત્નો અને ધ્યાન છે. માટે આ યાત્રા પુરી થતી નથી. 'ચેતન' તત્વ છે. તે 'જે શરીરની અંદર છે - આપણને દેખાતું નથી તે ચેતન છે તે આપણે છીએ. અર્થાત્ આપણે **'શુધ્ધાત્મા'** છીએ. પરંતુ શરીર જે દેખાય છે એટલે પોતાને શરીર માનીએ છીએ. શરીર ધર્મમાં જ રહેવાય છે. પણ **આત્મ ધર્મમાં રહેવાનો અને મનને સ્થિર કરવાનો પ્રયત્ન કરવાનો તો અહં મમત્વ જલ્દી છૂટશે.** મનની ચંચળતાને અને અસ્થિરતાને જોઈ શકાતી નથી. કેમ કે ? આપણને સૂક્ષ્મતર બોધ નથી થતો. મન કાયમ ભરેલું જ હોય છે. ૯૯% ના જોઈતી વસ્તુથી જ ભરેલું હોય છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભરેલું હોય એને ખાલી કરવું પડે. **નવું પ્રાપ્ત કરવું હોય તો જુનું ખાલી કરવું પડે.** જન્મ જન્માંતરની ઈચ્છાઓ કામનાઓ અંદર ભરેલી છે. આપણને તકલીફ શેની છે. **તો નવું જોઈએ છે. પણ જુનું ખાલી નથી કરવું. તો એવું શક્ય નથી.** આ જગતમાં ચાર પ્રકારના મનુષ્ય છે. (૧) **'મૂઢ'** : મૂઢ એટલે વિષયવાસના સિવાય બીજું કાંઈ જ્ઞાન જ નથી. આધ્યાત્મિક જગત વિષે કાંઈ જાણકારી જ નથી. (૨) **'અજ્ઞાની'** : અજ્ઞાની એટલે શાસ્ત્રનું વાંચન કરે, શ્રવણ કરે પણ પોતાનામાં કાંઈ ફેર પડે નહિ. અને માની લે છે કે મને બધું સમજાઈ ગયું. બધું જ આવડી ગયું. (૩) **'મુમુક્ષુ'** : મુમુક્ષુ એટલે જ્ઞાન પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા રાખે છે અને મોક્ષ માટે સતત પ્રયત્નશીલ હોય છે. આપણે મુમુક્ષુ છીએ એટલા માટે અહિંયા બેઠા છીએ. (૪) **'જ્ઞાની' : જ્ઞાની માયાજાળને તોડી નાખે છે. એવું 'વિરલ' વ્યક્તિત્વ ભાગ્યે જ જોવા મળે છે. જે બધા માટે શક્ય નથી. પણ આપણે જ્ઞાની બનવા માટે સતત પ્રયત્નશીલ રહેવાનું છે. પ્રયત્ન કરીએ તો બધુ થાય છે. 'અજ્ઞાની' હોય છે એ સ્થૂળમાં ફસાય છે. 'મુમુક્ષુ' હોય એ સૂક્ષ્મમાં ફસાય છે. અને 'સૂક્ષ્મત્તર' બોધ મેળવવા પ્રયત્નશીલ હોય છે. આપણી આ સત્સંગ સભા એ મોક્ષ સુધી પહોંચવાનો એક માર્ગ છે.** સૌથી વધારે પ્રયત્ન શેનો કરવાનો છે ? તો મોટામાં મોટી વસ્તુ છે વિષય વાસનાનો ત્યાગ કરવાનો. આપણને ભૂખ લાગે ને જમીએ એ સ્વાભાવિક છે. એ બંધનકારક નથી. આખો દિવસ જમવાનો જ વિચાર આવે મન એમાં જ ઓતપ્રોત રહે તો એ ખોટું છે. એ બંધનકારક છે.

**પાંચ ઈન્દ્રિયોની અતિ આશક્તિ એ બંધનકારક છે. વિષયોનો વિષની જેમ ત્યાગ કરવો પડે છે. જે વ્યક્તિમાં ત્યાગ અને વૈરાગ્ય છે એ જ સાચો જ્ઞાની છે. ઘર છોડીને વનમાં જતા રહો એ ત્યાગ નથી. વસ્તુના ત્યાગને ત્યાગ નથી કહેવાનો. વસ્તુ પ્રત્યેની મૂર્છાના ત્યાગને સાચા અર્થમાં ત્યાગ કહેવાય છે.** ધ્યાનમાં બેસી રહો ઉપવાસ કર્યા કરો એ બધુ એટલું જરૂરી નથી. કહેવાનો અર્થ એ નથી કે ઉપવાસ નહિ કરવાના પણ શરીરને વધારે પડતું કષ્ટ આપીને ઉપવાસ નહિ કરવાના. તમારા શરીરથી જેટલું આસાનીથી થાય એટલુ જ કરવાનું બધાને જોઈને હરિફાઈ નહિ કરવાની. આ શરીર થકી જ બધુ છે. આ શરીર એક જ સાધન છે પરમાત્મા સુધી પહોંચવાનું અને પરમાત્મા સુધી

પહોંચવા માટે વૈરાગ્ય ભક્તિ બધુ રાખવું પડે. **મોક્ષ જોઈતો હોય તો આત્મધર્મમાં રહેવાનું. પોતાને શરીર નહિ સમજવાનું. આત્મધર્મમાં રહેવાથી અહંમમત્વ જલ્દી છૂટે છે. વિષય ભોગની લાલસા નહિ રાખવાની અને વિષયભોગ સામે આવી જાય તો 'દોષબુદ્ધિ' રાખીને ત્યાગ કરવાનો. 'આ જગત આપણું પરીક્ષાકેન્દ્ર છે.' આપણે જે અહિંયા ભણીએ છીએ એ આપણી સ્કૂલ છે. પરિણામ આપણા હાથમાં નથી. પરમાત્માના હાથમાં છે. એવી પરીક્ષા આપવી કે ભટકવું ના પડે પાસ થઈ જવાય.** આપણી પાસે બધા સાધનો છે. મંદિરો છે. સંતો છે. શાસ્ત્રો છે. બધુ છે. ઢીલા નહિ પડી જવાનું, કમજોર કે દુઃખી નહિ થવાનું, ધીમે ધીમે બધુ જ થશે. પ્રયત્નો ચાલુ રાખવાના. સાવચેત રહેવાનું જાગૃત રહેવાનું.

●

**"પંચકણીનો રોટલો લુણીની ભાજી"**

- કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર - મૂળીદેશ)

ઉમરેઠના એક ગરીબ ભૂદેવ મહારાજનાં દર્શન કરવા પુષ્પદોલોત્સવમાં વડતાલ ગયા હતા. ભૂદેવે જોયું કે ગામો ગામના ભક્તો મહારાજને થાળ જમાડે છે. સંતોને જમાડે છે. જેતલપુરનાં ગંગામા દરરોજ થાળ બનાવે અને મુકુંદ બ્રહ્મચારી મહાપ્રભુને પીરસીને જમાડે એ બધું જોઈને વિચાર કરે હું ક્યારે થાળ જમાડી શકું ? આ ભૂદેવ કોઈના ખેતરમાં વૃક્ષ નીચે ઉતર્યા હતાં. પોતાને જમવા માટે દરરોજ થોડાં ઘરેથી ભિક્ષા માગી લાવે. એમાં બે પાંચ પ્રકારનું અનાજ ભેળું થાય તેને પંચકણી કહેવાય. પછી ખેડૂતોના ખેતરના શેઢા ઉપર લુણીની ભાજી અને પંચકણીનો રોટલો બનાવી માનસી પૂજામાં પ્રભુને ધરી જમી લેતા. પરંતુ મનમાં અખંડ પરિતાપ થયા કરે અરેરે ! હું ક્યારે મહારાજને થાળ જમાડી શકીશ ? ભૂદેવને આ વાતનું દુઃખ કાયમ ડંખ્યા કરતું. એક દિવસે રોજના ક્રમ પ્રમાણે લુણીની ભાજી બનાવી અને પંચકણીનો રોટલો તૈયાર કરવા લાગ્યા.

આ બાજુ સ્વામિનારાયણ ભગવાને બપોરના સમયે પોતાના ઉતારામાં મુકુંદ બ્રહ્મચારી ને કહ્યું બ્રહ્મચારી અમારે નાહવા જવું છે. બ્રહ્મચારી બોલ્યા, એ તો અહીં ઉતારામાં વ્યવસ્થા છે ને ! પણ આજ અમારે બહાર નાહવા જવું છે. મહારાજે લોટો ઉપાડ્યો. સાચો સેવક કોનું નામ ! જે પોતાના સ્વામીની મરજી, અવાજ, ઈંગિત ત્રણેય ઓળખી શકે. મુકુંદ બ્રહ્મચારી સાચા સેવક હતા. મહારાજ આજ બોલે છે અમારે નાવા જવું છે પણ મને વહેમ પડે છે. અહીં બધી વ્યવસ્થા છે. છતાં આટલી બધી ભીડમાં ક્યાં જગ્યાં મળશે ? છતાં બ્રહ્મચારી બોલ્યા, સારૂ મહારાજ ! જેવી તમારી મરજી ! મહારાજને લોટો ભરી આપ્યો અને સ્વામિનારાયણ ભગવાન ઉતારાથી બહાર નીકળ્યા. પણ બ્રહ્મચારીને વહેમ પડ્યો હતો. એટલે મહારાજ જાણે નહી એ રીતે થોડા દૂર રહી પાછળ પાછળ જવા માંડ્યા. શ્રીજી મહારાજ નહાવાના બહાને આગળ વધ્યા. હરિભક્તોનો સંઘ ઉતર્યો હતો એથી આગળ એક આંબાના વૃક્ષ નીચે આ ભૂદેવનો પંથકણીનો રોટલો તૈયાર થયો અને લૂણીની ભાજી તૈયાર હતી અને ભૂદેવ જ્યાં માનસી પૂજા કરવા બેઠા હે દયાળુ ! હે દીનબંધુ ! આ મારો થાળ જમવા પધારજો.

અને ત્યાં પહોંચીને શ્રીજી મહારાજ બોલ્યા ભૂદેવ ! અમે આવી ગયા છીએ. આજ ભૂખ લાગી છે. ત્યાં થાળ થવાને વાર છે. એટલે આ બાજુ આવ્યા છીએ. ભૂદેવે આંબાના વૃક્ષ નીચે માટી સરખી કરી. મહારાજને બિરાજમાન કર્યા અને પૂછ્યું હે પ્રભુ ! આ તો પંચકણીનો રોટલો અને લુણીની ભાજી તમને શે અપાય ? મહારાજ કહે લાવોને કાંઈ વાંધો નહી. લુણીની ભાજી અને પંચકણીનો રોટલો સ્વામિનારાયણ ભગવાન આરોગવા બેઠા. આંબાના ઝાડ નીચે વડતાલની ભાગોળે જમતાં જમતાં મહારાજ કહે, આ તો બહુ સરસ છે. બહુ સ્વાદિષ્ટ છે અને ત્યાં બ્રહ્મચારી આવ્યા. કહેતા હતા નાહવા જવું છે ! બ્રહ્મચારી આજ અમારૂ સ્નાન ! બીજું નહી. બ્રહ્મચારી જાણી ગયા કે આ ગરીબ બ્રાહ્મણની ઈચ્છા પૂરી કરવા મહારાજ અહીં પધાર્યા છે. કેવું પવિત્ર ચરિત્ર છે. **"નિત નિત નૌતમ લીલા કરતા અવિનાશી"** એ વાક્યનો જ આ વિસ્તાર છે .આવી નૌતમ લીલાઓ મારા પ્રભુ નિત નિત કરતા.

# સત્સંગ સમાચાર

## અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણાદિદેવોને ચંદનના વાઘાના દર્શન

વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે દર વર્ષની જેમ વૈશાખ સુદ-૩ અક્ષય તૃતિયાના પ્રારંભે ભગવાન શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને સુંદર મલિયાગર ચંદનને મશીન દ્વારા ઘસીને કેસર આદિ મિક્ષ કરીને અલૌકિક વાઘા નિત્યે ધરાવવામાં આવે છે. વાઘા પણ કાપડના જ હોય તેવા લાગે તેવી સુંદર કલાત્મક કારીગીરી ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી સંતો દ્વારા કરવામાં આવે છે. ભગવાનને આવી અસહ્ય ગરમીમાં ચંદનના સુંદર કલાત્મક વાઘા ધરાવી શિતળતા રહે તેથી આવા ચંદન, સુખડના વાઘા જેઠ સુદ-૧૪ સુધી સતત દોઢ માસ સુધી ધરાવીને હજારો આશ્રિતોને દર્શન કરાવવામાં આવે છે. સમગ્ર ધર્મકુળ આવા અલૌકિક દર્શન કરી ખૂબજ રાજી થાય છે. સેવાભાવી શ્રધ્ધાળુ હરિભક્તો નિત્યે યજમાન બની સેવા કરે છે. વર્ષો પહેલા પૂજારી સંતો હાથે પથ્થર પર ચંદન ઘસતા અને ઠાકોરજીને ચંદનનો લેપ કરતા. હવે તો આધુનિક યુગમાં મશીન દ્વારા આ પ્રવૃત્તિ થાય છે. શ્રીહરિના તમામ આશ્રિતો આવા અલૌકિક ચંદનના વાઘાના દર્શન કરવા અમદાવાદ મંદિર જરૂર આવીને દર્શનનો લાભ ખાસ લેશો. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી છેલ્લા એક વર્ષથી દર પૂનમના સેવાભાવી હરિભક્તોના યજમાનપદે ધર્મકુળની નિશ્રામાં પ્રસાદીના વિશાળ સભા મંડપમાં સત્સંગ સભાનું સવારના ૮-૧૫ થી ૧૦-૩૦ સુધી સુંદર આયોજન થાય છે. જેમાં બહાર ગામથી પધારેલા અને શહેરના હજારો હરિભક્તોને કથા બાદ છેલ્લે ધર્મકુળના આશીર્વાદના અંતે સુંદર અલૌકિક પ્રસાદ જમાડવામાં આવે છે.

વૈશાખ સુદ-૧૫ પૂનમના સત્સંગ સભાના યજમાનશ્રી પ.ભ. અશોકભાઈ હરગોવનદાસ પટેલ (રામનગર) પરિવારે લાભ લીધો હતો. સ.ગુ. શા. સ્વા. સત્યસ્વરૂપદાસજી (નારાયણઘાટ)ના વક્તાપદે સુંદર કથા થઈ હતી. દરેક પૂનમની જેમ આ વખતે પણ સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને છેલ્લે સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. (કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી કાલુપુર મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ૧૯ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા બોપલ મંદિરના મહંત સ્વામી ધર્મસુતપ્રિયદાસજી તથા સ્વા. ધ્યાનપ્રિયદાસજીની પ્રેરણાથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૯ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૪-૦૫-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. પાટોત્સવના યજમાન પ.ભ. હસમુખભાઈ મણીલાલ સોની પરિવાર રહ્યા હતા. આ પ્રસંગે પ્રાસંગિક સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૨-૫-૨૦૨૪ ના બોપલના ૨૦૦ જેટલા યુવક-યુવતીઓની સત્સંગ શિબિર થઈ હતી. અહીંના મહિલા મંડળ દ્વારા દ્વારકા ખાતે તા. ૨૨-૦૪ થી તા. ૨૮-૦૪-૨૦૨૪ દરમ્યાન શ્રીમદ્ ભાગવત પારાયણ શાસ્ત્રી ધ્યાનપ્રિયદાસજી સ્વામીના વક્તાપદે થઈ હતી.

અત્રે નિજ મંદિરના સભા ખંડને પ.ભ. રતીભાઈ પટેલ અને હરિભક્તોના આર્થિક સહયોગથી વાતાનુકુલિત કરવામાં આવ્યો છે. અહીંના સંતો ગામડામાં સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છે. (પ્રવિણ ઉપાધ્યાય)

## દાહોદ જીલ્લાના સૌ પ્રથમ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ભોજેલા (વસઈ ટીંબા) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી શ્રી જાનકીવલ્લભદાસજી (ભંડારી દાદા)ની દિવ્ય પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામીશ્રી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-પોરડા)ના સુંદર માર્ગદર્શનથી અને સ.ગુ. પુરાણી સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી (ખેરવાવાળા)ની પ્રેરણાથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાનું દાહોદ જીલ્લાનું સૌ

પ્રથમ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ભોજેલા (વસઈટીંબા) ખાતે તા. ૨૦-૫-૨૦૨૪ થી તા. ૨૪-૦૫-૨૦૨૪ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે આ વિસ્તારના હજારો કથાપ્રેમી ભક્તોએ કથા શ્રવણ કર્યું હતું.

આ પ્રસંગે સંહિતાપાઠનું પણ સુંદર આયોજન થયું હતું. જેમાં ૪ સહિંતાપાઠી સંતો બિરાજ્યા હતા. કથા પારાયણના યજમાન સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજી (ખેરવા) રહ્યા હતા. અહીંના તમામ હરિભક્તોએ નાની-મોટી સેવા કરી યજમાન બન્યા હતા. આ પ્રસંગે મંગલ પ્રવચન પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી) પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર મંદિર મહંતશ્રી)એ સુંદર રીતે કરીને હરિભક્તોને રાજી કર્યા હતા.

સભા સંચાલન શા. સ્વામી ભક્તિકિશોરદાસજી અને સ.ગુ. બ્ર. સરજુદાસાનંદજી (દ્વારકા)એ સુંદર રીતે કર્યું હતું. ધામોધામથી સંતો-મહંતશ્રીઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. તા. ૨૪-૫-૨૦૨૪ ના આપણા સૌના હૃદય સમ્રાટ શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી આદિ સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. અને નૂતન ભવ્ય મંદિરમાં સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી કરી સભામાં પધારી કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સમગ્ર ભોજેલા ગામ અને મંદિર નિર્માતા પૂ. ધર્મસ્વરૂપ સ્વામી, પૂ. હરિસ્વરૂપ સ્વામી અને વાસુદેવ સ્વામી આદિ ઉપર ખૂબ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં સમગ્ર ગામ અને પૂ. ધર્મસ્વરૂપ સ્વામીના શિષ્ય મંડળે ખૂબ પ્રેરણારૂપ સેવા કરી હતી.

(શા.સ્વા. વાસુદેવચરણદાસજી - પોરડા)

### શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ૧૯૭ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી એવમ્ અ.નિ. સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી અને એમના ગુરુ આદિ સંતોની દિવ્ય પ્રેરણાથી તેમજ અત્રે મંદિરના મહંત સ્વામી સત્યસંકલ્પદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકાનો ૧૯૭ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં વૈશાખ વદ-૫ તા. ૨૮-૫-૨૦૨૪ના રોજ ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે બગોદરા સ્થિત માનવ સેવા ટ્રસ્ટના વિકલાંગ લાભાર્થીઓને રસોઈ આપવામાં આવી હતી. પાટોત્સવના યજમાન પ.ભ. પરસોતમદાસ ત્રિભોવનભાઈ પટેલ, હિરાબેન પરસોતમભાઈ પટેલ (ભાઉપુરા) - હ. કલ્પેશભાઈ, ઘનશ્યામભાઈ, પિન્ટુભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. ધામોધામથી સંતોમાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી આદિ ઘણા સંતો પધાર્યા હતા. (કોઠારીશ્રી ધોળકા મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર સરઢવ ૧૦૨ મો વાર્ષિક પાટોત્સવ, પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. સ્વામી પરમેશ્વરદાસજી તથા પૂ. સ.ગુ. સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી (પ્રયાગરાજ-જયપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી સરઢવ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૦૨ માં વાર્ષિક પાટોત્સવ અંતર્ગત શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હનુમાનજી મહારાજ, શ્રી ગણપતિજી આદિ દેવોનો પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨-૫-૨૦૨૪ થી તા. ૨૫-૫-૨૦૨૪ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વા. હરિકેશવદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી.

તા. ૨૫-૫-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ૧૦૨ મો પાટોત્સવ અને પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી કરી આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સંહિતાપાઠનું પણ સુંદર આયોજન થયું હતું. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. બ્રહ્મવિહારીદાસજી (સુરેન્દ્રનગર મંદિર મહંતશ્રી) અને સ.ગુ. શા. સ્વામી સત્યપ્રકાશદાસજી (અંજલી મહંતશ્રી)એ સુંદર સંભાળ્યું હતું. આ મહોત્સવમાં કચ્છ અને અત્રેના ગામના હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. (સ્વા. મંદિર સરઢવ કોઠારીશ્રી અને પાર્ષદ પુષ્પેન્દ્ર ભગત)

### શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર ૨૦ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. પૂજારી સ્વામી જયપ્રકાશદાસજી (મૂળી)ની દિવ્ય પ્રેરણાથી તથા

મહંત સ્વામી અજયપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુરનો ૨૦ મો પાટોત્સવ તા. ૨૧-૫-૨૦૨૪ થી તા. ૨૫-૫-૨૦૨૪ સુધી ધામધૂમપૂર્વક ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-પ્રભા હનુમાનજી જમીયતપુરા)ના વક્તાપદે કથા પારાયણ થઈ હતી.

આ પ્રસંગમાં સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી, શા. આનંદ સ્વામી, નરોતમ ભગત, ભરત ભગત આદિએ છેક સુધી પ્રેરણારૂપ સેવા કરી હતી. છેલ્લા દિવસે તા. ૨૫-૫-૨૦૨૪ ના રોજ અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર), પૂ. પી.પી. સ્વામી (જેતલપુર), પૂ. ગુરુપ્રસાદ સ્વામી આદિ સંતોએ પ્રેરણારૂપ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી થઈ હતી. તેઓશ્રીએ નિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી અનેક સંતો પધાર્યા હતા. (કોઠારીશ્રી પેથાપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ૪૨ મો વાર્ષિક પાટોત્સવ - બહેનોના મંદિરનો દશાબ્દી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિ પ્રસાદીભુત તીર્થ ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું)નો ૪૨ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ બહેનોના મંદિરનો દશાબ્દી મહોત્સવ અ.નિ. ભગાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, અ.નિ. શાંતાબેન ભગાભાઈ પટેલ, અ.નિ. લાલભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તથા અ.નિ. હિરાબેન લાલભાઈ પટેલ પરિવારના પુણ્ય સ્મરણાર્થે તા. ૯-૫-૨૦૨૪ થી તા. ૧૦-૫-૨૦૨૪ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીરામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે શ્રીમદ્ વિદુરનીતિ પંચાહ્ન પારાયણ થઈ હતી. આ સુંદર પ્રસંગે સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી ખાસ પધાર્યા હતા અને બહેનો ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૦-૫-૨૦૨૪ અખાત્રીજના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને બન્ને મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં બિરાજમાન થઈ સૌ હરિભક્તો અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પોથીયાત્રા, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આદિ સુંદર કાર્યક્રમ થયા હતા. મહંત શાસ્ત્રી સ્વામી દેવપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું. ધામોધામથી ઘણા સંતો પધાર્યા હતા. (પૂજારી કિશન ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચિખલોડ શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૭૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી હરિપ્રસાદદાસજી (લીમડાવાળા) તથા અ.નિ. સ.ગુ. ભંડારી દાદા સ્વા. જાનકીવલ્લભદાસજી (પોરડા)ની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (પોરડાવાળા)ના સુંદર માર્ગદર્શનથી શ્રીહરિ સમકાલીન નંદ સંતો પૈકીના સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીની કૃપાથી શ્રી નરનારાયણદેવ તાબાના ચિખલોડ મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજને ૧૭૫ વર્ષ પૂર્ણ થતા શતામૃત મહોત્સવ તા. ૧૪ મે થી ૧૭ મે ૨૦૨૪ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી ભક્તચિંતામણી ગ્રંથની કથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજીના વક્તાપદે થઈ હતી. તા. ૧૭-૫-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજના શતામૃત પાટોત્સવ નિમિત્તે ષોડશોપચાર અભિષેક-આરતી થઈ હતી. ત્યારબાદ સભામાં પધારી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ખાસ પધાર્યા હતા. ગામના સૌ હરિભક્તોએ નાની-મોટી સેવા કરી યજમાન બની સુંદર સેવા કરી હતી. આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી આદિ ધામોધામથી ઘણા સંતો પધાર્યા હતા. (કોઠારીશ્રી ચિખલોડ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘમીજ રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. સ્વામીશ્રી જાનકીવલ્લભદાસજી (ભંડારી દાદા)ની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-પોરડા)ના સુંદર માર્ગદર્શનથી અને અ.નિ. મણીબેન બબાભાઈ પટેલ (ઘમીજ), અ.સૌ. નીતાબેન દિનેશભાઈ પટેલ, અ.સૌ. મેઘલબેન પૂર્વેશભાઈ પટેલ (યુ.કે.), અ.સૌ. દીશાબેન સમીરભાઈ પટેલ સહ પરિવાર ના મુખ્ય યજમાન પદે અને ગં.સ્વ. સુશીલાબેન કાંતિભાઈ પટેલ (કથાના યજમાન) આદિ પરિવારે લાભ લીધો હતો. તા. ૨૭-૫-૨૦૨૪ થી તા. ૨૯-૫-૨૦૨૪ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની કથા સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે તા.

૨૮-૫-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી આદિ સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ધામોધામથી સંતો મહંતશ્રીઓ પધાર્યા હતા. સંહિતા પાઠનું પણ સુંદર આયોજન થયું હતું. જેમાં ૪ સંતો બિરાજ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન શા. સ્વા. જયેન્દ્રપ્રસાદદાસજી અને બ્ર. સ્વા. સરજુદાસજીએ સંભાળ્યું હતું. (કોઠારીશ્રી ઘમીજ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મૂળી શ્રીરાધાકૃષ્ણદેવના વાંકાનેર શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

મૂળી ધામમાં બિરાજમાન શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી એવમ્ અ.નિ. પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગોપાલચરણદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી તથા મૂળી મંદિરના પૂ. પૂર્વ મહંત સ.ગુ. સ્વામીશ્રી શ્યામસુંદરદાસજીના સુંદર સહયોગથી શ્રીહરિ પ્રસાદીભુત શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેરમાં નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૬-૫-૨૦૨૪ થી તા. ૨૦-૫-૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પંચાહ્ન રાત્રી પારાયણ તેમજ ત્રિદિનાત્મક હરિયાગ ધામધૂમથી સંપન્ન થયા. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી સૂર્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગોપાલચરણદાસજીના વક્તાપદે હજારો કથાપ્રેમી હરિભક્તોએ કથા શ્રવણ કર્યું હતું.

તા. ૨૦-૦૫-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ત્યારબાદ સભામાં વાંકાનેરના પ્રેમી ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગમાં સભા સંચાલન મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજી (ઉનાવા) અને શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (મૂળી)એ સુંદર રીતે કર્યું હતું. મહંતશ્રી મુકુન્દ સ્વામી (હરિદ્વાર) મહંત શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (બાપુનગર), દેવ સ્વામી (ઉનાવા મહંતશ્રી), વ્રજ સ્વામી (મૂળી), કે.પી. સ્વામી (રતનપર), આદિ સંતોએ સુંદર સેવા બજાવી હતી. અત્રેના હરિભક્તોએ વિવિધ સેવામાં યજમાન બની સુંદર સેવા કરી હતી.

(જે.કે. સ્વામી - વાંકાનેર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર દરબારગઢ મોરબી (૧૫૦)સાર્ધ શતાબ્દી મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ અત્રે મંદિર નિર્માતા અ.નિ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી ગોપાલચરણદાસજી, અ.નિ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમજ શ્રીહરિકૃષ્ણધામના સંતોના માર્ગદર્શન-પ્રેરણાથી અને સર્વે હરિભક્તોના સાથ સહકારથી તા. ૧૭-૫-૨૦૨૪ થી તા. ૨૩-૫-૨૦૨૪ પર્યન્ત મોરબી દરબારગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના સાર્ધશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીના વક્તાપદે હજારો કથા પ્રેમીઓએ કથામૃતપાન કર્યું હતું. વ્યાખ્યાનમાળામાં વિદ્વાન વક્તા સંતોએ સુંદર લાભ આપ્યો હતો.

ધામોધામથી સંતો - સાંખ્યયોગી બાઈઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. તા. ૨૦-૫-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને અત્રે મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરી સભામાં સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૯-૫-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અત્રે મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરી સભામાં બિરાજી સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને નિજ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરી બહેનોની સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં અનેક હરિભક્તોએ નાની-મોટી સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. સુંદર સભા સંચાલન હરિકૃષ્ણધામના સંતો અને શ્રી કિશન વાઘેલાએ કર્યું હતું. (સાધુ ઘનશ્યામજીવનદાસજી - મોરબી)

### અક્ષરવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સંત સ.ગુ. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજી વૈશાખ વદ-૨ તા. ૨૫-૫-૨૦૨૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ચૈત્ર સુદ-૧** પ.ભ. અ.નિ. મોરોબેન નવારામ (ગોલીયા-વાલી), પ.ભ. અ.નિ. વાઘજીભાઈ એમ. પટેલ (વડદલા). **ચૈત્ર સુદ-૨** પ.ભ. કાનબાઈ વિરજીભાઈ કેરાઈ (માંડવી-કચ્છ), ટ્રીન્ડસ ટેકનોલોજી (અમદાવાદ). **ચૈત્ર સુદ-૩** પ.ભ. કુવરજી લાલજી (માંડવી-કચ્છ), પ.ભ. નારણભાઈ અમરશીભાઈ (હળવદ), પ.ભ. ભૂપતભાઈ ચતુરભાઈ પોરીયા (સુરેન્દ્રનગર), પ.ભ.અ.નિ. રતનબાઈ કરશન જીણા જેસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. લીલાબેન નરસિંહભાઈ મનાણી (સુરત). **ચૈત્ર સુદ-૪** પ.ભ. મેઘજી મનજી આસાણી (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. બેની પુરૂષોત્તમદાસ પટેલ (કરજીસણ). **ચૈત્ર સુદ-૫** પ.ભ. પ્રેમબાઈ રવજી હાલાઈ (ગોધરા-કચ્છ), પ.ભ. અ.નિ. કનુભાઈ પ્રહલાદભાઈ (અમદાવાદ), પ.ભ. દેવલ વિક્રમભાઈ શાહ (અમદાવાદ). **ચૈત્ર સુદ-૬** પ.ભ. વાલજી નારણ ભુડીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. ગાંડાભાઈ મોહનલાલ પટેલ (ગાંધીનગર), પ.ભ. ડૉ. ઘનશ્યામભાઈ મહાદેવભાઈ (અમદાવાદ), પ.ભ. ફેનિલ તથા નિરવ (અમદાવાદ), પ.ભ. કોકીલાબેન જયંતીલાલ પટેલ (ડાંગરવા), પ.ભ. દેવ્યાનિબેન હરિકૃષ્ણભાઈ (અમદાવાદ), પ.ભ. ચંદ્રકાન્તભાઈ જયંતીલાલ ઠક્કર (અમદાવાદ), પ.ભ. આરવી રાજેશભાઈ પાંભર (બોપલ), અ.નિ. સ.ગુ. બ્ર. સ્વા. માયાતિતાનંદજી (ખંભાત), પ.ભ. વિનોદભાઈ ચોટલીયા (રાજકોટ), પ.ભ. ભરતભાઈ જાદવ. **ચૈત્ર સુદ-૭** પ.ભ. ધનબાઈ કરશન રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. દેવજીભાઈ સૂતરીયા (અમરેલી). **ચૈત્ર સુદ-૮** પ.ભ. રાધાબાઈ મુળજી હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ. માણેકલાલ શંકરદાસ પટેલ (મોખાસણ), પ.ભ. રેખાબેન રમેશભાઈ પટેલ (અમદાવાદ). **ચૈત્ર સુદ-૯** પ.ભ. અ.નિ. કાળુભાઈ ઉમેદસિંહ ચૌહાણ (બોપલ). **ચૈત્ર સુદ-૧૦** પ.ભ. કાનબાઈ મનજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. મિનાક્ષીબેન મસ્કી (અમદાવાદ), પ.ભ. અ.નિ. જીવીબેન પુરૂષોત્તમદાસ પટેલ (રાજપુર), પ.ભ. અ.નિ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૧** પ.ભ. અ.નિ. મંજુલાબેન કાનજી કેરાઈ (માંડવી-કચ્છ), પ.ભ. સોમાભાઈ ગોબરભાઈ ચૌધરી (પ્રતાપપુરા). **ચૈત્ર સુદ-૧૨** પ.ભ. કાનજી લક્ષ્મણ વરસાણી (ગોધરા-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ભીખાભાઈ વેલાભાઈ ચૌધરી (મકાખાડ), પ.ભ. અ.નિ. કાંતાબેન ડાહ્યાલાલ સોની (અમદાવાદ), પ.ભ. જીવરાજભાઈ પાનસુરીયા (નિકોલ) પ.ભ. નિલ નિર્મળ પટેલ, પ.ભ. આશાબેન (મુંબઈ), પ.ભ. રમેશભાઈ જેઠાલાલ કોરીયા (મોટેરા), પ.ભ. અ.નિ. કસ્તુરબેન પરસોતમભાઈ (અમદાવાદ), પ.ભ. હરિદર્શન ભાઈલાલભાઈ સોની (અમદાવાદ), હરિકૃષ્ણધામ (હળવદ), પ.ભ. રાણા નગીનદાસ કાંતિભાઈ (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **ચૈત્ર સુદ-૧૩** પ.ભ. તેજબાઈ માવજી રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. મંજુલાબેન વિનોદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રમીલાબેન મનોજભાઈ પટેલ (જવારજ), પ.ભ. અ.નિ. સવિતાબેન હરજીભાઈ (ગોવિંદપુરા), પ.ભ. પ્રહલાદભાઈ વિઠ્ઠલદાસ પટેલ (કરજીસણ), પ.ભ. પ્રવિણભાઈ લાલજીભાઈ દરજી (અમદાવાદ), પ.ભ. મનુભાઈ બાબુભાઈ પટેલ (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૪** પ.ભ. અ.નિ. ધનબાઈ ધનજી હરસીયાણી (કેરા-કચ્છ), પ.ભ. અજયભાઈ, પ.ભ. ઓધવજીભાઈ (નરોડા). **ચૈત્ર સુદ-૧૫** પ.ભ. નારણભાઈ ત્રિકમભાઈ પટેલ (પોર), પ.ભ. નિધિબેન રવિભાઈ ઠુમ્મર (અમદાવાદ), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (નિંગાળા), પ.ભ. સુરેશભાઈ શિવજીભાઈ રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. રામબાઈ કરશન હિરાણી (ગોધરા-કચ્છ), પ.ભ. અ.નિ. મેઘબાઈ પ્રેમજી હિરાણી (ગોધરા-કચ્છ).

**ચૈત્ર વદ-૧** શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (ફાટસર), પ.ભ. ગોપાલ કાનજી વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ. ભાનુબેન વેલજીભાઈ ટાંક (જીરાગઢ). **ચૈત્ર વદ-૨** પ.ભ. અ.નિ. વાલબાઈ વિશ્રામ હિરાણી (ગોધરા-કચ્છ), પ.ભ. અ.નિ. મુક્તાબેન ભીખાભાઈ મોણપુરા (અનીડા), પ.ભ. અ.નિ. મેઘજી ધનજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. પરેશભાઈ નટવરભાઈ પટેલ (ચંદ્રાલા), પ.ભ. અશોકભાઈ ડાહ્યાભાઈ પટેલ (કલાલી-વડોદરા). **ચૈત્ર વદ-૩** પ.ભ. નારાયણભાઈ અમરશીભાઈ હડીયલ (હળવદ), પ.ભ. અ.નિ. સમુબેન લવજીભાઈ ડુંગરાણી (સુરત), પ.ભ. માણેકલાલ નારણદાસ પટેલ (કલોલ). **ચૈત્ર વદ-૪** પ.ભ. વિઠ્ઠલદાસ કચરદાસ પટેલ (મોખાસણ), પ.ભ. મિનાક્ષીબેન મગનલાલ પટેલ (ડાંગરવા), પ.ભ. પિયુષ અરવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભારતીબેન વિનીતભાઈ પરીખ (અમદાવાદ), પ.ભ. પંકજકુમાર શામળભાઈ પટેલ (વાવોલ). **ચૈત્ર વદ-૫** પ.ભ. અ.નિ. મધુસુદનભાઈ આર. સોની, પ.ભ. શારદાબેન દુલાભાઈ ઝાલાવાડીયા (અમદાવાદ), શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (અમદાવાદ). **ચૈત્ર વદ-૬/૭** પ.ભ. અ.નિ. સચિન અશોકભાઈ પટેલ (બિલાસીયા), પ.ભ. અ.નિ. અશોકભાઈ તથા અ.નિ. ઘનશ્યામભાઈ (વડતાલ), પ.ભ. ધૈર્ય સુનીલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વસંતકુમાર નટવરભાઈ પટેલ (સોજા). **ચૈત્ર વદ-૮** પ.ભ. સચિન રામજી હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. શારદાબેન બી. જોગાણી (નિકોલ), પ.ભ. હિતેષભાઈ ગણેશભાઈ સથવારા (નિકોલ), પ.ભ. અ.નિ. કિરીટભાઈ ભગવાનદાસ સોની (બોરસદ), પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયા (અમદાવાદ). **ચૈત્ર વદ-૯** પ.ભ. ધાર્મિક હિતેષભાઈ પટેલ (પોર). **ચૈત્ર વદ-૧૦** પ.ભ. અમૃતભાઈ જીવણભાઈ ચૌધરી (બદપુરા), પ.ભ. અ.નિ. મેઘજીભાઈ મૂળજીભાઈ હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. કરશન દેવરાજ ગોરસીયા (બળદીયા-કચ્છ), પ.ભ. પ્રફુલભાઈ વિરજીભાઈ કાછડીયા (સોલા). **ચૈત્ર વદ-૧૧** પ.ભ. શિવજી ધનજી વાઘજીયાણી (ગોડપર-કચ્છ). **ચૈત્ર વદ-૧૨** પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. અ.નિ. ધીરજલાલ કાંતિલાલ ઝિંઝુવાડિયા (અમદાવાદ), પ.ભ. અ.નિ. ધીરજલાલ કાંતિલાલ સોની (વિરમગામ), પ.ભ. અરવિંદભાઈ ભૂદેવ (સુરેન્દ્રનગર), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (ઝુલાસણ). પ.ભ. અ.નિ. દવલબેન મોહનભાઈ મોતીસરીયા (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. પાર્થ સુરેશભાઈ પટેલ (કલોલ), પ.ભ. રમેશભાઈ કાથરોટીયા (અમદાવાદ), પ.ભ. જીનેશ મીસ્ત્રી (અમદાવાદ), પ.ભ. આલાપ ઈન્દ્રવદનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રહલ નિકુંજભાઈ કિંજલબેન (અમદાવાદ), પ.ભ. શન્ની દિનેશભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. સંજય મનુભાઈ પટેલ (વડોદરા). **ચૈત્ર વદ-૧૩** પ.ભ. અ.નિ. પદ્મનાભભાઈ મુકુન્દરાય ભટ્ટ (હાથીજણ), પ.ભ. અ.નિ. પુષ્પાબેન હરજીવનદાસ સોની (અમદાવાદ), પ.ભ. શામબાઈ ભોગીલાલ હિરાણી (માનકુવા-કચ્છ). **ચૈત્ર વદ-૧૪** પ.ભ. અ.નિ. દેવજીભાઈ રામજી વરસાણી (માધાપર-કચ્છ), પ.ભ. વિપુલભાઈ કાંતિભાઈ માંદળીયા (સુરત), પ.ભ. ઈશ્વરભાઈ ત્રિભોવનદાસ પટેલ (મુખી) (માણસાવાળા). **ચૈત્ર વદ-૩૦** અ.સૌ.અ.નિ. અમીબેન સાગર (અમદાવાદ), પ.ભ. અ.નિ. કીર્તિભાઈ વનરાજભાઈ ચાવડા (અમદાવાદ), પ.ભ. ધ્યાન ચંદારાણા (અમદાવાદ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





ચીખલોડ મંદિરનાં ૧૭૫ માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં યુવકો સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ગોધરા માંડવી (કચ્છ) મંદિરનાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સંસ્કારધામ, કર્ણાવતીમાં રાષ્ટ્રીય સ્વયં સેવકસંઘના શિક્ષાવર્ગને સંબોધન કરતા આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

કલ્યાણ પુષ્ટિ માર્ગી હવેલીની ૫૪૭ મી ઉજવણી પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે યુવા વૈષ્ણવાચાર્ય શ્રી ગોસ્વામી શરનમકુમાર મહોદય





**Registered under RNI is - GUJ GUJ/2007/20221 "Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO's License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026**




ભોજેલા (વસઈ ટીંબા જિ. દાહોદ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





વાંકાનેર (મૂળી પ્રદેશ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા અને સભામાં
આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




દર પૂનમે અમદાવાદ મંદિરમાં થતી સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી